**સુવિચાર**
જેને કામ કરવું છે તે એ કામ કરવાનો રસ્તો શોધી કાઢશે. અને કાર્ય કરવું જ નથી એ બહાનું પણ એટલી જ સહેલાઈથી શોધી કાઢશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૧૦/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૪૮

## અમરેલી જિલ્લાની બજારમાં વેપારીઓની ચિંતામાં વધારો થયો

# ઓનલાઈન શોપિંગનું બુલડોઝર સ્થાનિક વેપારને કચડી નાખશે

**ખેડૂતો, શ્રમિકો, નોકરીયાતો, બેરોજગાર યુવાનો બાદ હવે સ્થાનિક વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા**


**નાના અને મધ્યમ કક્ષાનાં વેપારીઓને વેપાર-ધંધો કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે**

**ઓનલાઈન શોપિંગમાં યુવા પેઢી મશગુલ હોય સ્થાનિક વેપારીઓ નવરાધુપ બન્યા**

**જો કે સરકાર પક્ષે પણ પંચાયત કે પાલિકાની ચીજવસ્તુઓની ખરીદીમાં ઓનલાઈન આગ્રહ બંધ થવો જરૂરી**







પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૭
અમરેલી જિલ્લામાં ખાસ કરીને યુવા પેઢીમાં ઓનલાઈન શોપિંગનો આગ્રહ વધતા સ્થાનિક વેપારીઓને ગ્રાહકોની કમી થઈ રહી હોય તેઓ ચિંતામય બન્યા હોય તેવા સમયે વિશ્વ હિન્દુ પરિષદ કે સત્તાધારી પક્ષનાં આગેવાનો જાહેર જનતાને ઓનલાઈન શોપિંગ બંધ કરીને સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરવાનો આગ્રહ કરી રહૃાા છે.

પરંતુ અમરેલી જિલ્લાની પંચાયતો કે પાલિકામાં લાઈટ, સ્ટેશનરી કે અન્ય જરૂરી વસ્તુઓની ખરીદી ઓનલાઈન કરવા માટે સરકારનો દુરાગ્રહ હોય તેમને બંધ કરવાની સૌપ્રથમ જરૂરી છે. રાજય કે કેન્દ્ર સરકારનાં આગેવાનો જ સ્વદેશીને પ્રાધાન્ય આપવાનું શરૂ કરે તો તેની અસર નીચે પહોંચશે.

દેશનાં નામી ફિલ્મી સ્ટાર, ક્રિકેટર કે રાજકીય નેતાઓ પણ સ્વદેશીનો આગ્રહ રાખે તો તેની અસર યુવા પેઢી ઉપર પડશે તો જ આજ વિકરાળ સમસ્યાનું નિરાકરણ આવશે.

તદુઉપરાંત સ્થાનિક વેપારીઓએ પણ નફાનું પ્રમાણ ઘટાડીને સારી ગુણવત્તાનું વેચાણ કરે અને ગ્રાહકોમાં દેવતાનાં દર્શન કરે તો ચોકકસ તેઓ ટકી શકશે નહિ તો ઓનલાઈન શોપિંગનું બુલડોઝર નાના-મોટા લાખો વેપારીઓને નવરાધુપ કરી દેશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

### ભોંકરવા માર્ગ પરની ઘટના

## સાવરકુંડલાના વાંશિયાળીનાં યુવકનું ડેમમાં ન્હાવા જતાં ડૂબી જવાથી મોત

**અમરેલીની ફાયર ટીમે મૃતદેહ બહાર કાઢયો**




અમરેલી તા. ૭
સાવરકુંડલા તાલુકાના વાંશિયાળી ગામે રહેતા લાલજીભાઈ ખોડાભાઈ મકવાણા નામના ૧૮ વર્ષિય યુવક વાંશિયાળીથી ભોંકરવા જવાના રસ્તે આવેલ ડેમમાં ન્હાવા ગયેલ ત્યારે અકસ્માતે તે ડૂબી જવાની ઘટના બનેલ હોય આ અંગે સ્થાનિક તંત્ર સહિતનાઓ ઘટના સ્થળે દોડી જતાં તેના અનુસંધાને સાવરકુંડલા ફાયર કંટ્રોલ રૂમ દ્વારા અમરેલી જિલ્લાના ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલિફોનિક જાણ કરવામા આવતા ફાયર ઓફિસર એસ.સી.ગઢવી તથા ફાયર વાયરલેસ ઓફિસર એસ.પી. સરતેજાની રાહબરી નીચે અમરેલી તથા સાવરકુંડલા ફાયર ટીમના જાબાઝ તરવૈયાઓની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી અને ગણતરીના સમયમા ડુબી ગયેલ વ્યક્તિના મૃતદેહને રેસ્કયુ કરી પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપેલ હતી. આ કામગીરી કરનાર ફાયર સ્ટાફના પ્રવીણભાઈ ચૌહાણ, કૃષ્ણભાઈ ઓળકિયા, સિધ્ધરાજસિંહ ગોહિલ, જયરાજભાઈ ખુમાણ, અજીતભાઈ ખુમાણ, કૌશિકભાઈ બોરીસાગર, દિલીપભાઈ રાઠોડ,ધર્મેશભાઈ, યોગેશભાઈ વગેરેએ મુખ્ય કામગીરી કરી હતી.

### ખનિજ માફિયાઓ સામે ખાણ-ખનિજ વિભાગની લાલ આંખ

# ગેરકાયદેસર રેતી ભરેલ 3 અને પથ્થર ભરેલ ૧ ટ્રેક્ટર સાથે ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**ઉનાનાં સનખડા, નાંદરખ, નેસડા, ઉમેજ સહિતનાં ગામોમાં વ્યાપક ખનિજ ચોરી**




તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૭
ઉના તાલુકા પંથકમાં ખનિજ માફિયા માટે ખનીજ ચોરી સ્વર્ગ સમાન છે. આ વિસ્તારમાં સનખડા, નાંદરખ, નેસડા, ઉમેજ,કંધી, કાળાપણ, સીમર, પસવાળા, ઉટવાળા, પાણખાણ, માણેકપુર ખારા વિસ્તાર, સૈયદ રાજપરા સહિતના ગામ વિસ્તારોની નદીઓમાં રેતી ખનીજનો જથ્થો પુષ્કળ પ્રમાણમાં હોવાથી ખનિજ માફિયાઓ વગર લીઝે રેતી કાઢી દેશની સંપત્તિને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડી રહૃાા છે. આ ખનિજ માફિયાઓ તંત્રની મીઠી નજર હેઠળ છેલ્લા ઘણા વર્ષોથી રેતીની

**અનુસંધાન પાના ૬ ઉપર**

**ડૉ. વિવેક જોષી** M.B.D.P.M. FIPS.MIAPP
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

**બી.એડ. પ્રવેશ માટે**
મો. ૯૯૯૮૧ ૯૮૬૧૯
મો. ૯૯૦૯૫ ૨૩૪૧૮

**હોમીયોપેથિક સારવાર**
ખરતા વાળ, ખોડો, અકાળે સફેદ વાળ, ખોટી ઉધરસ, અસ્થમા, એલર્જી, આધાશીશી, માઈગ્રેન, ચામડીના રોગો, ખરજવુ, સોરીયાસીસ, ખીલ, સાંધાનો દુઃખાવો, હરસ, મસા, ડીપ્રેશન, બેચેની જેવા તમામ રોગોની સંપૂર્ણ સારવાર મળશે.
ફોન ઉપર પણ સારવાર ઉપલબ્ધ : મો. ૯૧૦૯૮ ૨૫૪૧૩
ડૉ. પાયલ બોરાણિયા B.H.M.S.
નિયમિત મળશે : સોમ થી શનિ - સવારે ૧૦ થી ૧૨
ૐ ડેન્ટર કિલનીક & હોમીયોપેથિક સેન્ટર
સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન-૨૩૦૩૦૦, મો.૭૦૧૬૮ ૩૭૧૩૭

**પ્રવેશ કાર્ય શરૂ છે**
મુકેશ જાની કોલેજ અમરેલી
- આર્ટસ પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- બી.સી.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- બી.એસ.સી. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- D.M.L.T. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
આજે જ સંપર્ક કરો
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૨ ૪૯૨૫૬

**દુઃખદ અવસાન/બેસણું**



**સ્વ. ભીખાભાઈ જીવરાજભાઇ ટાંક**
તા. ૦૫-૧૦-૨૦૨૩, ગુરૂવાર. (ઉ.વ.૯૫), ગામ-ચલાલા મીઠાપુર (ડુંગરી)
દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પિતાશ્રી ભીખાભાઈ જીવરાજભાઈ ટાંક (ઉ.વ.૯૫)નું અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગત દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે તેમજ પ્રભુના ચરણોમાં તેમને સ્થાન મળે એવી ઈશ્વરને પ્રાર્થના...
: સદ્ગતનું બેસણું :
તા. ૯-૧૦-૨૦૨૩, સોમવારના રોજ સવારનાં ૮:૦૦ થી સાંજના ૫:૩૦ કલાક સુધી રાખેલ છે.
સ્થળ : ચલાલા મીઠાપુર ડુંગરી અમારા નિવાસ સ્થાન તા. ધારી, જી. અમરેલી.
લિ.
સુરેશભાઈ બી. ટાંક મો. ૯૯૭૯૭ ૩૦૯૮૫
હરેશભાઈ બી. ટાંક (પત્રકાર) મો. ૯૭૨૩૬ ૨૨૭૧૪
મુકેશભાઈ બી. ટાંક મો. ૯૮૭૯૨ ૧૬૮૮૧
નરેશભાઈ બી. ટાંક મો. ૯૯૧૩૨ ૬૪૨૭૦

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

### ધારીમાં બન્યો બનાવ

# દુકાનનાં ભાગ અંગે ભાઈ–પિતા ઉપર છરી વડે હુમલો : ફરિયાદ

## આરોપીઓએ ભાઈ–પિતાને ગાળો પણ આપી

અમરેલી, તા. ૭

ધારી ગામે મધુવન સોસાયટીમાં રહેતા જયભાઈ મહેન્દ્રભાઈ ધકાણ નામના ૩૫ વર્ષિય સોનીકામ કરતા યુવક તથા તેમના સગા ભાઈ સંદિપભાઈ મહેન્દ્રભાઈ ધકાણ (રે. બગસરા)વાળાનાં દુકાનનો ભાગ પડી ગયેલ હોય. જેમાં ધારી ગામે મેઈન બજારમાં આવેલ દુકાન જયભાઈને ભાગે આવેલ હોય ત્યાં ફરિયાદી–આરોપીનાં પિતા બેઠેલ હતા. ત્યારે સંદિપભાઈએ ત્યાં આવી પોતાના પિતાને કહેલ કે આ મારી દુકાન છે ત્યારે તેમનાં પિતાએ કહેલ કે આ દુકાન જયભાઈનાં ભાગે આવેલ છે તેમ કહેતા આરોપી પુત્ર સંદિપભાઈએ પોતાના પિતાને જેમફાવે તેમ ગાળો આપી હતી. બાદમાં સોની યુવક ત્યાં આવી જતાં પોતાના ભાઈને સમજાવવા જતાં આરોપી ભાઈએ તેમને પણ ગાળો આપી પડખામાંથી છરી કાઢી આરોપીએ પોતાના ભાઈ તથા પિતા ઉપર છરી વડે હુમલો કરી ઈજા કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાતા પોલીસે આરોપીને ઝડપી પાડવા ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

### નાયબ મામલતદાર અને નાયબ સેકશન અધિકારી માટે

# અમરેલી શહેરના ૧૮ કેન્દ્રમાં આગામી ૧૫ ઓકટોબરે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે

## કાયદો અને વ્યવસ્થા જળવવા અને ગેરરીતીઓ અટકાવવા જાહેરનામું

અમરેલી, તા. ૭

આગામી તા. ૧૫ ઓકટોબરના રોજ અમરેલી શહેરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ–૩ની પ્રિલીમીનરી પરીક્ષા શહેરની વિવિધ શાળાઓમાં યોજાવાની છે. શહેરના ૧૮ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ રીતે,પારદર્શિતા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આગામી તા.૧૫ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૦૨ વાગ્યા દરમિયાન પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક આદેશ દર્શાવતું જાહેરનામુ ફરમાવ્યું છે.

પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં આવેલા ઝેરોક્ષ / ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન,સ્માર્ટ વોચ,બ્લુ ટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવાં પર પ્રતિબંધ રહેશે (જેમાં પરીક્ષાર્થીઓ, પરીક્ષા ફરજ પર રોકાયેલા અધિકારઓ, કર્મચારીઓ, જાહેર માર્ગ પરથી પસાર થતા વાહનોમાં બેસેલા મુસાફરો, સ્થાનિક સબ ડીવીઝલન મેજિસ્ટ્રેટ,તાલુકા મામલતદારને મુક્તિ આપવામાં આવી છે.

પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય અનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થી કે તેના સાથે સંકળાયેલા કોઈ પણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જઈ શકશે નહીં. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેકટ્રોનિક આઈટમ / પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.પરીક્ષા દરમિયાન દરેક કેન્દ્રના સંચાલકોએ શાળામાં ઝેરોક્ષ મશીન,સ્કેનર બાબતે એકરારનામું કરવાનું રહેશે, તેમજ આવા મશીનો સીલ કરીને રાખવાના રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે ખરાઈ કરી અને આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્રના સંચાલક પાસેથી અચૂક મેળવી લેવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબ સજાપાત્ર છે. જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા જિલ્લા શિક્ષણાધિકારી,અમરેલી,સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકઓ, તથા અમરેલી શહેરી / તાલુકા પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

પરીક્ષા કેન્દ્રો : જિલ્લામાં આ પરીક્ષા દિપક હાઈસ્કુલ, ગાયત્રી મંદિર પાસે ચિત્તલ રોડ, અમરેલી, કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ સેન્ટર – એ, વરસડા રોડ, સેન્ટર પોઈન્ટ, સરદાર સર્કલ, અમરેલી, શ્રીમતિ જીજીબેન ફોરવર્ડ હાઈસ્કુલ, વરસડા રોડ, સેન્ટર પોઈન્ટ સામે, અમરેલી, ટી.પી. એન્ડ એમ.ટી. ગર્લ્સ હાઈસ્કુલ, નાગનાથ પાસે, અમરેલી, એસ.એસ.અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, સ્ટેશન રોડ, અમરેલી, કે.કે.પારેખ અને મહેતા વિદ્યાલય (લીલાવંતી), સિવિલ હાસ્પિટલ સામે, બી.એન.વિરાણી હાઈસ્કુલ યુનીટ – ૧ ચક્કરગઢ રોડ, અમરેલી, બી.એન.વિરાણી હાઈસ્કુલ યુનીટ – ૨, ચક્કરગઢ રોડ, અમરેલી, સી.વી. ગજેરા સેકન્ડરી સ્કુલ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી, એસ.એચ. ગજેરા હાયર સેકન્ડરી સ્કુલ, વિદ્યાસભા, લાઠીરોડ, અમરેલી, કે.કે.પારેખ કોમર્સ કોલેજ સેન્ટર–એ, વિદ્યાવિહાર લાઠી રોડ, કોલેજ કેમ્પસ,અમરેલી, કામાણી સાયન્સ અને પ્રતાપરાય આટર્સ કોલેજ સેન્ટર – એ, લાઠી રોડ, અમરેલી, કામાણી સાયન્સ અને પ્રતાપરાય આટર્સ કોલેજ સેન્ટર – બી, લાઠી રોડ, અમરેલી, સેન્ટ મેરી હાઈસ્કુલ, લાઠી રોડ, અમરેલી, ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સ, કેરિયા રોડ, અમરેલી, પાઠક સ્કુલ, હનુમાનપરા, અમરેલી, સરસ્વતી વિદ્યામંદિર (SSVM) લાઠી રોડ, એસ.ટી. ડીવીઝન પાછળ, અમરેલી, ખાતે આ પરીક્ષાઓ યોજાશે. આ તમામ કેન્દ્રો ખાતે ઉપરોક પ્રતિબંધાત્મક આદેશ લાગુ પડશે.

### વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો દ્વારા


# અમરેલી જિલ્લાની જનતાને ઓનલાઈન શોપિંગ બંધ કરી સ્થાનિકકક્ષાએ ખરીદી કરવા અનુરોધ

## સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા જણાવાયું

અમરેલી, તા.૭

લોકોમાં વધતા જતા ઓનલાઈન શોપિંગના ક્રેઝને કારણે લોકલ માર્કેટ અને નાના નાના વેપારી દુકાનોને તેમના ધંધા વ્યવસાયમાં મંદીનો સામનો કરવો પડે છે તેમજ ઓનલાઈન શોપિંગ થતાં આપણો પૈસો મલ્ટીનેશનલ કંપનીઓ જેવી વિદેશી કંપનીઓમાં જતો રહે છે. જેના કારણે ગામ કે શહેરનાં નાનાં મોટાં વ્યવસાયકારોને વેપારમાં મંદી અને આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે છે આ બાબતને ધ્યાનમાં લઈને વેપારી મહામંડળના આ અભિયાનને અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદ દ્વારા આવકારવામાં આવે છે અને ટેકો આપે છે. અને આવતા નવરાત્રી અને દિવાળી જેવા તહેવારોમાં ઓનલાઈન શોપિંગને બદલે આપણાં જ ગામ કે શહેરમાં ખરીદી કરીને બજારમાં રોનક લાવીએ અને આત્મનિર્ભર ભારતનાં આ પગલાંને સાર્થક કરીએ. જેથી લોકલ માર્કેટમાં આર્થિક પ્રવૃત્તિને વેગ મળતો રહે તદુપરાંત દિવાળીના તહેવાર પર વિદેશી ફટાકડાઓને બદલે સ્વદેશી ફટાકડાનો ઉપયોગ કરીને તહેવારની ઉજવણી કરી વિદેશી ફટાકડા ઉપર પ્રતિબંધ લાવવા અપીલ કરવામાં આવે છે. તેમજ શકય હોય એટલું લોકોને સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરી લોકલ વેપાર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટેની અપીલ અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદના પ્રમુખ હિતેશભાઈ મહેતા તેમજ જિલ્લા વિ હિન્દુ પરિષદ ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, રશ્મિનભાઈ ત્રિવેદી સહિતના વિ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી.

# ચલાલા : હરિબા મહિલા કોલેજ ખાતે ગાંધી જયંતિની ઉજવણી



અમરેલી, તા. ૭

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત – ચલાલા હરિબા મહિલા કોલેજ ખાતે ગાંધી જયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

જેની અંદર કોલેજની દીકરીઓ દ્વારા ગાંધીજીનું પ્રિય ભજન વૈષ્ણવજન ગાન, શિક્ષકો અને વિદ્યાર્થી દ્વારા વ્યકત્વ્ય, કોલેજની દીકરીઓ દ્વારા કેમ્પસની સફાઈ તેમજ પ્લાસ્ટિક મુકત ભારત બનાવવાનો સંકલ્પ વિદ્યાર્થીઓને લેવડાવ્યો.

સંસ્થાનાં વડા પૂ.રતિદાદાએ આ કાર્યક્રમ નિહાળી ખુબ ખુબ થયા હતા. અને બાળકોને આશીર્વાદ આપ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા તથા કોલેજના સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

# નાના ગોખરવાળા પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીનાં જન્મદિનની ઉજવણી





અમરેલી, તા. ૭

નાના ગોખરવાળા પ્રાથમિક શાળામાં ધોરણ–૪ માં અભ્યાસ કરતા સ્પેશિયલ (સીપી) બાળક ગૌરવ ધવલભાઈ વૈષ્ણવનો જન્મદિવસ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો સામાન્ય બાળકોનો જન્મ દિવસની ઉજવણી દ્વારા જિલ્લાની દરેક શાળાઓમાં એક સારો મેસેજ જાય એવો યાદગાર રીતે ઉજવવામાં આવ્યો. જેમ ઘરે જન્મદિવસ ઉજવાય એવો જ શાળામાં ઉજવવામાં આવ્યો.

શાળાનાં તમામ બાળકો અને આંગણવાડીના બાળકોને દિનેશભાઈ વૈષ્ણવ તરફથી ભેટ આપવામાં આવી હતી. વર્ગખંડને શણગારવામાં આવ્યો હતો. સર્વ આમંત્રિતોને આ તકે નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

આજે તેમનાં દાદા–દાદી શાળાનાં આચાર્ય હરેશભાઈ ગોહેલ, સ્પેશિયલ એજયુકેટર પંકજભાઈ કાલાવાડીયા, આરોગ્ય વિભાગમાંથી હિરેનભાઈ રોકડ, એસએમસી સભ્ય કનુભાઈ સાંગાણી, શાળાનાં શિક્ષક સગુણાબેન તળાવીયા, ગામ આગેવાન ધીરૂભાઈ સાંગાણી, ઘનશ્યામભાઈ સાંગાણી, શાળાનાં ભૂતપુર્વ વિદ્યાર્થીઓ જય સાંગાણી અને હરિકૃષ્ણ સાંગાણી વગેરેએ ઉપસ્થિત રહી આ જન્મદિવસની શોભા વધારી હતી આ જન્મદિવસને યાદગાર બનાવવા બદલ ગિરીશભાઈ ઠાકર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં નાયબ દંડકનું સ્વાગત કરાયું





અમરેલી, તા. ૭

અમરેલીનાં યુવા ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક સ્નેહી કૌશિક વેકરિયાએ આજે શ્રીજી વિદ્યાર્થી ભુવનની શુભેચ્છા મુલાકાતે કરેલ ત્યારે શાળા તથા છાત્રાલયના નાના નાના બાળકોએ ખુબ જ ઉત્સહથી કૌશિકભાઈ વેકરિયાનું સ્વાગત, સન્માન અને અભિવાદન કરેલ. શાળા તથા છાત્રાલયનો સુંદર માહોલ જોઈને તેઓ ખુબ પ્રભાવિત થયેલ. સાથે સાથે શ્રીજી વિદ્યાર્થી ભુવનની શૈક્ષણિક પ્રવૃતિઓ નિહાળીને ખુશી વ્યકત કરીને બાળકોને ઉજજવળ ભવિષ્ય સાથે શ્રેષ્ઠ કારકિર્દી માટે આશીર્વાદ સહ શુભકામનાઓ પાઠી પોતાનો રાજીપો વ્યકત કરેલ.

# અમરેલીમાં શીતલ આઈસ્ક્રીમની મુલાકાતે સા.કુંડલાનાં વિદ્યાર્થીઓ





સાવરકુંડલા, તા.૭

વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે શિક્ષણના અભ્યાસક્રમની સાથે વ્યવસાયિક જ્ઞાન હોવું જરૂરી છે. આ પ્રકારનું વાણિજયક્ષેત્ર અને વૈજ્ઞાનિક ક્ષેત્રે વ્યવસાયિક જ્ઞાન મળી રહે તે માટે સાવરકુંડલાની એમ.એલ. શેઠ ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ ના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને અમરેલી ખાતે શીતલ આઈસ્ક્રીમ પ્રાઈવેટ લિમિટેડની તા.૦૬ ઓકટોમ્બર–૨૦૨૩ના રોજ મુલાકાત કરી હતી. શાળાના શિક્ષક કિશનભાઈ શિયાળ અને સ્નેહા મેડમ વિદ્યાર્થિનીઓની સાથે રહીને આ સમગ્ર મુલાકાતને સફળતાના શિખર સુધી પહોંચાડી હતી.

### પરપ્રાંતમાંથી મજૂરી અર્થે આવેલ હોય

# બાબરાનાં ઈંગોરાળા ગામની સીમમાંથી મહિલાનું અપહરણ કરનાર આરોપી ઝડપાયા

## સ્થાનિક પોલીસે ભાવનગર નજીક દબોચી લીધા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા સુનીલભાઈ ગુમાનભાઈ પચાયા નામના ૨૧ વર્ષિય યુવકના ભાઈ શંકરને આરોપી મુકેશભાઈ નનકાભાઈ મેહડા રે. મધ્યપ્રદેશ હાલ રહે. ભટ્ટવદરવાળાની બહેન ઈન્કુબેન સાથે પ્રેમ સબંધ હોવાથી આજથી આશરે દસેક દિવસ પહેલા લાઠી તાલુકાના ભટ્ટવદર ગામેથી તેણીને ભગાડી લઈ ગયેલ હોય. જેથી આરોપી મુકેશભાઈ નનકાભાઈ મેહડા સહિત ૩ ઈસમો પોતાની બહેનને મેળવવા સારૂ શંકરના ભાઈ સુનીલે બાબરા તાલુકાના ઈંગોરાળા ગામે ભાગ્યું રાખેલ હોય જે વાડીએ આવતા તેની બહેન ઈન્કુબેન તેમજ શંકર હાજર મળેલ ન હોય અને આ શંકરભાઈના નાના ભાઈ સુનીલની પત્ની તેમજ સુનીલભાઈની બહેન હાજર હોય. જેથી આરોપીઓએ જણાવેલ કે અમો શંકરની બહેન કલમને અમારી સાથે લઈ જઈએ છીએ અને અમારી બહેન ઈન્કુબેનને સોંપી જાશો અને તમારી બહેનને લઈ જશો તેમ કહી ભોગ બનનારને તેની મરજી વિરૂધ્ધ જબરજસ્તી કરી અપહરણ કરી તેમજ સુનીલભાઈની પત્નીને ઝાપટ મારી મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી પીકઅપ વાહનમાં બેસાડી અપહરણ કરી લઈ જતાં ભોગ બનનારને શોધી કાઢવા સારૂં બાબરા પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવી રવાના કરતા આરોપીઓ ભોગ બનનારને લઈ ઈંગોરાળા ગામેથી ભટ્ટવદર ગામે થઈ ગારીયાધાર ગામેથી એસ.ટી. બસ મારફતે પોતાના વતન ખાતે મધ્યપ્રદેશ ખાતે લઈ જતા હોવાની હકીકત હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ સોર્સ આધારે ભાવનગર નજીક આવેલ નારી ચોકડીથી આ કામના આરોપીઓને ભોગ બનનાર સાથે શોધી કાઢી આરોપીઓને બાબરા પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપીઓને ધોરણસર અટક કરી, આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની પ્રશંસનીય કામગીરી

# સા.કુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારમાં વિકાસકાર્યો માટે કરોડો રૂપિયા મંજુર થયા

## પીવાનું પાણી, રીવરફ્રન્ટ, માર્ગો સહિતનાં કાર્યોનો ધમધમાટ





સાવરકુંડલા, તા. ૭

રાજકારણમાં અભી બોલા અભી ફોક અને વાયદા વચનો ચુંટણી ટાઈમે આપવામાં પાછી પાનીના કરનારા ઉમેદવારો ચુંટાઈ ગયા બાદ પ્રજાની પીડાઓ કરતા પોતીકા કામોને પ્રાધાન્ય આપતા હોવાની વાતો અવાર–નવાર અખબારોમાં આવતી હોય છે પણ એક એવી મિસાલ કાયમ કરીને પ્રજાનાં સાચા પ્રતિનિધિ કોને કહેવાય તેવી ઉકિત જો ખરા અર્થમાં સાર્થક સાબિત કરી હોય તો તે છે સાવરકુંડલા લિલીયા વિધાનસભાનાં ધારાસભ્ય મહેશ કસવાળા, સાવરકુંડલા લીલીયા વિધાનસભા ચુંટણી લડવા આવ્યા ત્યારે દરેક ગામડાઓની શેરીઓમાં જોરશોરથી એકજ પ્રચાર કરીને પ્રજાનાં હિતમાં દરેક નિર્ણય કરીને ગામડાઓને ગોકુળિયું બનાવવું અને ગામડાઓમાંથી શહેરો તરફ થતા માઈગ્રેન અટકાવવા માટેનાં કાર્યો કરવાની ખવાઈશ મહેશ કસવાળાએ વ્યકત કરી હતી. મે માત્ર એક જ શબ્દ પ્રયોગ હતો કે 'હું વિધાનસભા ચુંટણી લડવા કંઈ લેવા નહિ પણ દેવા આવ્યો છું'હ ને એ સાબિત કરી બતાવનારા એકલવીર સાબિત થયેલા ધારાસભ્ય ચુંટણી જીત્યાનાં માત્ર ૯ માસનાં સમય ગાળા દરમ્યાન રાજયની સરકારમાંથી ૩૦૦ કરોડ રૂપિયાની માતબર ગ્રાન્ટની સૈધાંતિક મંજુરીઓ મેળવીને ધારાસભ્ય મહેશ કસવાળા નામનાં નહિ કામનાં કસવાળા સાબિત થયેલા છે. ત્યારે સોનામાં સુગંધ સમાન ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠકના ૧૦૮ ગામડાઓ માટે ૧૫૦ કરોડની પીવાનાં પાણીની સૈધાંતિક મંજુરીઓ મેળવીને ભાજપનાં વિકાસની રાજનીતિનો ૩૦ વર્ષનું આગોતરૂ આયોજનના નવા અધ્યાયનો આરંભ કર્યો છે. સાવરકુંડલા શહેર અને ૭૮ ગામડામાં પીવાનાં પાણીની લાંબા ગાળાનું આયોજન કરીને પીવાનાં પાણીની વિકરાળ સમસ્યાઓ ઉનાળામાં સર્જાતી હોય ત્યારે આ સમસ્યાનું કાયમી નિરાકરણ કરવા ૧૨૫ કરોડનાં ખર્ચે પાણી પુરવઠા સુધારણા યોજના અંતર્ગત અને લીલીયાના ૧૭ ગામડાઓમાં ૨૫ કરોડ ઉપરાંતનાં ખર્ચે પીવાનાં પાણીની સમસ્યા ભુતકાળ કરવા ધારાસભ્ય મહેશ કસવાળા સતત ફોર્સથી પાણી મળે તેવી આગતરૂ અને આગવું આયોજન ૩૦ વર્ષે ને લક્ષમાં લઈને કરવામાં આવ્યું છે જેમાં સાવરકુંડલા શહેર સાથે ૭૮ ગામડાઓની જો વાત કરીએ તો સાવરકુંડલા શહેરને તાલુકાના ગામડાઓ માટે સિમરણ હેડ વર્કશમાં (૫૦ ટકા કેપેસીટી) બે સંપ જેમાં ૧૦૦ લાખ લીટર પીવાનાં પાણીની ક્ષમતા હતી જે હવે વધુ ૪૦ લાખ લીટરનો સંપ અં–૧૬ લાખ લીટરની ૧૭ મીટર ઉંચી ટાંકી, હાથસણી હેડ વર્કસ ખાતે ૮૦ લાખ લીટરના સમ્પો સામે વધુ ૩૦ લાખનો લીટર સંપ અને ૪૫ એમ.એલ.ડી.નો ફિલ્ટર પ્લાન્ટ સ્થાપવામાં આવશે જયારે પીઠવડી હેડ વકર્સ ખાતે ૨૫ લાખ લીટરનો ૧ સંપ હયાત બાદ વધુ ૬ લાખ લીટરની ૨૦ મીટરની ઉંચી ટાંકી બનશે તો વિજયાનગર ખાતે ૨૫ લાખ લીટરની હયાત ક્ષમતા સામે વધુ ૧૩ લાખ લીટરની ૧૮ મીટર ઉંચી ટાંકી બનાવમાં આવશે જયારે નાની વડાળ ૧૦ લાખ લીટરની ક્ષમતા હયાત હોયને વધુ સબ હેડ વર્કસ ખાતે વધુ ૨ લાખ લીટરની ૧૮ મીટર ઉંચી ટાંકી, જયારે ધજડી સબ હેડ વર્કસ ખાતે ૧૫ લાખ લીટરની ક્ષમતા મોજુદ છે. તો ભોંકરવા ખાતે ૫ લાખ લીટર પાણીની ક્ષમતાનો સંપ છે ત્યારે નવા ૫ સબ હેડ વર્કસ સરકારમાંથી મંજુર થઈને આવી જતા વંડા સબ હેડ વર્ક, વીજપડી સબ હેડ વર્કસ, આંબરડી સબ હેડ વર્કસ, બગોયા સબ હેડ વર્કસ, અને ચરખડિયા સબ હેડ વર્કસ આગામી દિવસોમાં આકાર પામશે ને સદર હયાત યોજનાની હયાત રાઈજીંગ તેમજ ગ્રેવીટી પાઈપ સાઈનનો ૭૯.૬૩ કિલોમીટર અને રાઈજીંગ મેઈન પાઈપ લાઈન ૧૭૪.૧૨ કિલોમીરટ ગ્રેવીટીનો વધારો કરેલ છે. ૧૨૫ કરોડનાં ખર્ચે સાવરકુંડલા શહેર અને ૭૮ ગામડાઓ માટે આશીર્વાદરૂપ કામગીરીઓ ધારાસભ્ય મહેશ કસવાળાએ કરી બતાવી હતી. ત્યારે લીલીયાના ૧૭ ગામડાઓ સાથે ૨૫ કરોડ જેવી રકમથી સાવ ખારાપાટનાં ગામો એકલેરા, જાત્રોડા, સાંજણટીંબા, અંટાળીયા, હરીપર, હાથીગઢ, બોડીયા,ભેંસાણ, સનાળીયા, ઢાંગલા, કુતાણા, ભોરીંગડા, ગુંદરણ, ખારા, કલ્યાણપરા, નાના કણકોટ, પાં, તળાવડા, નાના રાજકોટ જેવા ગામોનો સમાવેશ થયો છે. જયારે આગામી ૨૦૫૧ સુધીનું આયોજન હાથ ધરીને ધારાસભ્ય મહેશ કસવાળાએ ચુંટણી જીત્યાનાં ટુંકા ગાળામાં જ ૩૦ કરોડનાં ખર્ચે રિવરફ્રન્ટ, ૩૫ કરોડનાં ખર્ચે ભુગર્ભ ગટર, ૬૫ કરોડનાં ખર્ચે મહુવા રોડ પર રેલવે બ્રિજ ૫૬ કરોડનાં ખર્ચે રંધોળા સ્ટેટ હાઈવેને ફરી ટેન્ડરીંગ કરીને ખાત મુહૂર્ત કરાવાયું, ૭ કરોડનાં ખર્ચે સ્પોટર્સ સંકુલ, ૭ કરોડનાં ખર્ચે બાયપાસ ખુલ્લો મુકાયો ૧૩ કરોડનાં ખર્ચે પંચાયત વિભાગનાં રોડ રીસફેશ, ૪ કરોડનાં ખર્ચે ટાઉન હોલ, ૮ કરોડનાં ખર્ચે સાવરકુંડલા શહેર તાલુકા માટે ૫૦ બેડની આધુનિક હોસ્પિટલ, ૧૧ કરોડનાં ખર્ચે નગરપાલિકાના રોડ રસ્તાઓ, સાડા ૪.૫૦ કરોડનાં ખર્ચે ભુગર્ભ સંપ, અઢી કરોડનાં ખર્ચે ચેકડેમો ૪.૪૦ કરોડનાં ખર્ચે પ્રવાસન સ્થળ, ૧.૨૫ કરોડનાં ખર્ચે નાના ચેકડેમો વોટર શેડ માટે વિકસાવવાનાં હેતુથી કુલ ૧૫૦ કરોડ બાદ પીવાનાં પાણીની સમસ્યાઓ નિવારવામાં ૧૫૦ કરોડ સહિત ૩૦૦ કરોડનાં કામોને સરકારમાંથી સૈધાંતિક મંજુરીઓ મેળવીને ધારાસભ્ય મહેશ કસવાળા નામનાં નહિ પણ કામનાં કસવાળા સાબિત થયેલા છે.

## ગાંધીનગર ખાતે જનમંચ હેઠળ યોજાયેલ કાર્યક્રમને કોંગ્રેસનું સમર્થન

# સરકારે શિક્ષણનું ખાનગીકરણ અને વેપારીકરણ કરતાં પરેશાની

**જિલ્લા વાઈઝ કન્વીનર બનાવવા અને તમામ ધારાસભ્યો અને સાંસદનાં ઘરે જઈને સપોર્ટ માંગવા જણાવાયું**

**અન્ય શિક્ષક, ડોકટર, સામાજિક અને ધાર્મિક નેતાને સમર્થનમાં જોડવા અનુરોધ**

**જાતિ, ધર્મ અને મંદિરની વાતમાં જનતાને હવે છેતરાઈ ગયાનું અનુભવાઈ રહ્યું છે**

**જયારે જયારે જનતાને મુશ્કેલી હોય ત્યારે ત્યારે કોંગ્રેસ પક્ષ હંમેશા મદદે આવે છે**



ગાંધીનગર, તા. ૭

સરકારે શિક્ષણનું ખાનગીકરણ કર્યુ અને શિક્ષણનું વેપારીકરણ કરીને શિક્ષણ મોંઘુ કર્યુ. હવે આ સરકાર જ્ઞાન સહાયકના નામે શિક્ષણનું કોન્ટ્રેકટીકરણ (કરાર આધારિત) કરીને યુવાનોને કાયમી રોજગારીથી વંચિત રાખીને, બાળકોના ભવિષ્યને અંધકારમય બનાવવા જઈ રહી છે. આ માટેની લડતમાં શિક્ષણ બચાવો ધરણાંનો કાર્યક્રમ ગાંધીનગર ખાતે જનમંચના બેનર હેઠળ યોજાયેલ હતો. જેમાં ખૂબ મોટા પ્રમાણમાં શિક્ષક મિત્રો, યુવાનો, મહિલાઓએ પોતાની સમસ્યાઓની રજુઆત કરી. કોંગ્રેસ પક્ષ અને ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડાએ આ ધરણાં, લડત અને આંદોલનને સમર્થન જાહેર કર્યુ.

ધરણાં કાર્યક્રમમાં અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આ લડાઈમાં પરિણામ સુધી લડી લેવાના મક્કમ ઈરાદાથી લડવા માટે કોંગ્રેસ તૈયાર છે. તેમણે સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું કે, આ સરકારના નેતા વિગુરૂ બનવા નીકળ્યા છે પણ એક ગુરૂની ઈજજત આબરૂ તેમણે સાચવી નથી. આ સરકાર અંગ્રેજો કરતા પણ ખરાબ છે. આ સરકાર શિક્ષક મિત્રોની વાત સાંભળતી નથી અને કોઈને રજુઆત કરવાનો અધિકાર પણ આપતી નથી. ગુજરાતના ખૂણે ખૂણેથી આવેલા શિક્ષક મિત્રોને બોલવા માટે સરકાર કોઈ મંચ આપતી નથી. આવા સમયે આ શિક્ષક મિત્રોનું એક પ્રતિનિધિ મંડળ અમિતભાઈ ચાવડાને મળવા ગયું અને તેમણે આ લડાઈમાં સાથ આપવાની બાંહેધરી આપી.

આ સાથે મંચ ઉપર પ્રહાર કરતા કહ્યું કે, જયારે ૧૫૬ સીટોવાળી સરકાર બની હોય ત્યારે ગુજરાતમાં તો રામરાજય આવી ગયું હોવું જોઈએ. બધા ખુશ હોવા જોઈએ. કોઈને પણ કોઈ જાતની તકલીફ કે ફરીયાદ ના હોય, પણ થોડા સમયમાં લોકોને પોતાની ભૂલ સમજાઈ ગઈ કે અમે તો સાહેબના જુમલામાં આવી ગયા. મંદિરની વાત, જાતિ, ધર્મની વાતોમાં આવી ને જનતા ભોળવાઈ ગઈ. અત્યાર સુધી આંગણવાડી બહેનો આંદોલન કરતા હતા, ફિક્સ પગાર વાળા, મધ્યાહન ભોજનવાળા, તલાટી, કલાર્ક, વિદ્યાર્થી, કોંગ્રેસના નેતાઓ વગેરે બધા જ આંદોલન કરતા હતા. હવે શિક્ષક મિત્રોને સરકાર હેરાન કરી રહી છે. આ સરકાર જનશકિતથી ડરે છે કારણકે સંવિધાનમાં બધાના વોટની કિંમત એક સરખી છે. હાલમાં જ બક્ષીપંચ અનામતના ધરણાં કાર્યક્રમના લીધે સરકારને ઝૂકવું પડયું. કોંગ્રેસના અને જનમંચના બેનર હેઠળના ધરણાની આ તાકાત છે.

અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આ લડાઈમાં આપણા સૌનો મક્કમ ઈરાદો હશે તો જ્ઞાન સહાયક રદ થશે. આપણે આંદોલન સિવાય મીડિયા અને સોશ્યલ મીડિયાના માધ્યમથી પણ આ લડાઈ લડવાની છે. તેમણે ખૂબ જ પ્રેરક સૂચનો આપ્યા હતા કે આ મંચથી થયેલા બધા ભાષણને તમામ શિક્ષક મિત્રો લાઈવ કરે, પોતપોતાના સોશ્યલ મીડિયા ગૃપમાં મૂકીને વધુ લોકો સુધી પહોંચાડે. કોન્ટ્રેકટ આધારિત ભરતીના લીધે આવનારા ભવિષ્યના બાળકોને નુકશાન થશે એટલે આ આંદોલનને ગુજરાતના ખૂણે ખૂણે સુધી પહોંચાડો. ગુજરાતમાં ૧૫૬ સીટવાળી સરકાર સામે કોંગ્રેસના ૧૭ ધારાસભ્યો લડવા માટે તૈયાર છે.

જનમંચ એક એવો મંચ છે જેને કોંગ્રેસ જનતા માટે ખુલ્લો મૂકે છે અને જયારે જયારે સરકાર દ્વારા અન્યાય થશે ત્યારે કોંગ્રેસ સાથ આપવા તૈયાર હશે. આ લડાઈને તબક્કાવાર આગળ લઈ જવા માટે આગળનો કાર્યક્રમ નક્કી કરવો પડશે. એક એક જિલ્લા વાઈઝ કન્વીનર બનાવવા માટે તેમણે સૂચના આપી. સાથે કહ્યું કે તમે જેને મત આપ્યા છે એવા ૧૮૨ ધારાસભ્યો અને ૨૬ સંસદ સભ્યોના ઘરે જઈને એમનો સપોર્ટ માંગો. એ માટે પહેલો કાગળ મારો લખાવી જજો કે જ્ઞાન સહાયક રદ કરો અને કાયમી શિક્ષકોની ભરતી કરવા માટે અમિતભાઈ ચાવડાનું સમર્થન છે. આવો સમર્થન પત્ર તમામ ૧૮૨ ધારાસભ્યો અને ૨૬ સંસદ સભ્યો પાસે લખાવવા જાવ. તાલુકા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, કોર્પોરેટર પાસે જઈને એમનો સપોર્ટ માંગો એટલે ખબર પડશે કે એ આપણા છે કે પારકા. સાથે સાથે આપણી આસપાસમાં જે કોઈ શિક્ષક, ડોકટર, સામાજિક નેતા, ધાર્મિક નેતા હોય એમની જોડે આ ધરણાંના સમર્થનમાં એક વિડીયો બનાવડાવીને સોશ્યલ મીડિયા પર મૂકો. ઘરે બેઠેલા ૪૦,૦૦૦ શિક્ષક મિત્રોને પણ કહો કે તમે તમારા જિલ્લા મથકોએ ધરણાં કાર્યક્રમ કરો. સાથે બધાને વિનંતી કરી કે બીજા જેટલા લોકો આંદોલન કરી રહ્યા છે એ બધાને તમે સપોર્ટ કરો.


### સમાચાર માટે ફરતા હોય વિનામૂલ્યે


## દૈનિક અને સાપ્તાહિક સમાચારપત્રનાં પ્રતિનિધિઓને એસ.ટી. બસની સેવા આપો

**સાવરકુંડલા પત્રકાર સંઘનાં હોદ્દેદારોની મુખ્યમંત્રીને રજૂઆત**

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા પ્રેસ કલબના પ્રમુખ ઈકબાલ ગોરી અને અધ્યક્ષ પ્રતાપભાઈ ખુમાણે એક પત્ર ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લખી જણાવેલ હતું કે દૈનિક અખબાર પેપરના તથા ન્યૂઝ ચેનલના પત્રકારો અને સાપ્તાહિકના એડિટરોને પોત પોતાના શહેરમાંથી અન્ય શહેરોમાં અથવા આજુ બાજુના વિસ્તારોમાં કોઈ પણ પ્રકારની ઘટના બને એટલે તેમજ લોકોની સમસ્યાઓ માટે જવુ પડતું હોય છે. ત્યારે દૈનિક ન્યૂઝ ચેનલ અને દૈનિક અખબારો અને સાપ્તાહિક પેપરના એડિટરોને, પત્રકારોને કોઈ પણ જાતનો પગાર કે વેતન મળતું નથી. એટલે એસ.ટી. બસમાં દૈનિક અખબારો અને ન્યૂઝ ચેનલના રિપોર્ટરો, સાપ્તાહિક પેપરના એડિટરોને વિના મૂલ્યે ફ્રી મુસાફરી કરવાની મંજૂરી આપવી જોઈએ. એક યા બીજા શહેરોમાં કોઈપણ કુદરતી હોનારત સમયે તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચવું પડતું હોય છે એટલે કોઈ પણ જાતની સ્વાર્થ વગર લોકોની સેવા કરતા દૈનિક પેપર, ન્યૂઝ ચેનલ અને સાપ્તાહિક અખબારના એડિટરોને વિનામૂલ્યે એસ.ટી. બસમાં મુસાફરી કરવાની મંજૂરી આપવી જોઈએ. તેવું સાવરકુંડલા પ્રેસ કલબના પ્રમુખ અને અધ્યક્ષ પ્રતાપભાઈ ખુમાણે સંયુકત રીતે





ગુજરાત રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરેલ છે.

## અમદાવાદના SG હાઈવે પર વધુ એક અકસ્માત થયો

અમદાવાદ, તા.૭

SG હાઈવે પર અકસ્માતવર્તમાનમાં રાજયમાં અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે, બેફામ ડ્રાઈવિંગના કારણે અવાર નવાર માસૂમ લોકોના મોત થવાના કિસ્સાઓ સામે આવતો હોય છે, ત્યારે અમદાવાદનો એસ જી હાઈવે તો જાણે નબીરાઓ માટે બેફામ ડ્રાઈવ કરવાનો રસ્તો હોય તેમ અવાર નવાર અકસ્માતની ઘટના સામે આવી રહી છે. વધુ એક વખત એસ જી હાઈવે પર સોલા હાઈકોર્ટ સામેના બ્રિજ પર અકસ્માત સર્જાયો છે.સોલા હાઈકોર્ટ સામેના બ્રિજ પર એક કાર ચાલકે યુવકને ટક્કર મારતા યુવકનું કમકમાટી ભર્યું મોત થયું છે. ઉત્તરપ્રદેશના બુલંદ શહેરથી ૧૫ દિવસ પહેલા જ યુવક અમદાવાદ આવ્યો હતો. જો કે, આ સમગ્ર મામલે કાર ચાલકની ટ્રાફિક પોલીસે અટકાયત કરી હતી. થોડા દિવસ અગાઉ એસ.જી હાઈવે પર આવેલા પકવાન બ્રિજ પર આઈસર ટ્રક અને ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માત સર્જાયો છે. જેમાં આઈસર ટ્રકનું ટાયર ફાટતા રોડની એક તરફ લઈ જતી વખતે ટ્રાવેલ્સ બસ ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માતને કારણે ડિવાઈડર પર આવેલા લાઈટનો થાંભલો ધરાશાયી થયો છે. અત્રે જણાવી કે, આ અગાઉ પણ એસ જી હાઈવે પર તથ્ય પટેલે સર્જેલો અકસ્માત સહિત અનેક બનાવો બન્યા છે


■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

પિતૃપક્ષનાં શ્રાદ્ધ નિમિતે
મીઠીગુંદી ■ મગીયા લાડુ ■ ચુરમાના લાડુ
મોહનથાળ ■ ગુલાબજાંબુ ■ ટોપરાપાક
સ્પે. ખમણ
હાજરમાં મળશે ખજૂરની ચટણી સાથે...
શિવ (ધારીવાળા)
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦














# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા. ૦૮-૧૦-૨૦૨૩

## શ્રાદ્ધપક્ષ અને ખીર એક ઉત્તમ સ્વાસ્થ્ય રીવાજ

મિત્રો અત્યાર સુધી આપણે આપણા સ્વાસ્થ્ય પ્રત્યે એટલા સજાગ નહોતા જેટલા છેલ્લા ૩ વર્ષમાં થયા છીએ . કોરોના એ આપણને સ્વસ્થ રહેવાની ફરજીયાત આદત પાડી દીધી છે અને પરિણામે આપણે આહાર–વિહાર બાબતે વિશેષ કાળજી લેતા થયા છીએ. આયુર્વેદમાં સ્વસ્થ રહેવા માટે હજારો વર્ષોથી દિનચર્યા અને ઋતુચર્યાનું વિશેષ મહત્વ બતાવવામાં આવ્યું છે . હાલનાં મહામારીનાં સમયમાં રોગ પ્રતિકારક શકિત આપણી સારી હોય તો આપણે કોરોના જેવા રોગથી બચી શકીએ તે આપણે હવે સારી રીતે જાણીએ છીએ, અને પરિણામે રાતોરાત આપણી રોગ પ્રતિકારક શકિત વધે તેવા નુસ્ખા અપનાવવા માંડયા છીએ.

આપણે કોઈ સફળ વ્યકિતને જોઈએ ત્યારે તે વાત કાયમ યાદ રાખવી જોઈએ કે આ સફળતા પ્રાપ્ત કરવા તેમણે દિવસ–રાત કેટલીય મહેનત કરી હશે ત્યારે તેને સફળતા વરી હશે. તેવું જ સ્વસ્થ વ્યકિત માટે કહી શકાય. જે વ્યકિત સ્વસ્થ હશે જેની રોગ પ્રતિકારક શકિત ખુબ સારી હશે તેણે દિવસ–રાત એક કર્યા હશે. એનો અર્થ એ થયો કે **સ્વસ્થતા એક આદત છે જે રાતોરાત મેળવી શકાતી નથી,** આજનાં સમયમાં એક શબ્દ ખુબ પ્રચલિત છે. **healthy life style** આનો શુદ્ધ અર્થ છે કે એવી આદતો પાડવી કે જેનાથી આપણે બીમાર ન પડીએ. અને આ માટે આયુર્વેદમાં કહેલ દિનચર્યા (સવારથી રાત્રે સુઈએ ત્યાં સુધી ની તમામ બાબતો)નું પાલન કરીએ. આવનારો યુગ વાયરસનો રહેનારો છે કોરોના જાશે, તો વાયરસ નવા સ્વરૂપે આવશે અને આપણને બીમાર પાડશે અને આવનારા યુગમાં આપણે સ્વસ્થ જીવન જીવવું હશે તો આપણી રોગ પ્રતિકારક શકિત વધાર્યા વગર નહિ ચાલે ટૂંકમાં, **કુદરત જો દર થોડા સમયે એકાદ નવા વાઈરસ વડે માનવજાતનું ડેથ વોરંટ બજાવતી હોય, તો તે વોરંટ સામેના 'જામીન' પણ કુદરતે જ મનુષ્યના શરીરમાં રોગપ્રતિકારક તંત્રના નામે આપી રાખ્યા છે.** બસ જરૂર છે આપણે સ્વસ્થ આદતો પાડવાની અને આ માટે આયુર્વેદે કહેલ દિનચર્યા અને ઋતુચર્યાનાં નિયમોનું પાલન કરવાની.

ઋતુનાં બદલાવ સાથે આપણા રીતિ–રિવાજોને આપણા પૂર્વજો એ રીતે ગોઠવેલ હતા કે જેથી એ ઋતુ મુજબ વર્તન કરવાથી આપણું સ્વાસ્થ્ય જળવાઈ રહે પરંતુ કહેવાતા વિકાસશીલ પાશ્ચાત્ય દેશોની વાતોમાં આવી આપણે આ બધા રિવાજોને અંધશ્રદ્ધામાં ખપાવી દીધા. કોરોના એ આપણને એ વાતનું ભાન કરાવી દીધું કે આપણા જે રિવાજો





છે તેની પાછળ મુખ્યત્વે સામાજિક સ્વાસ્થ્ય અને સમાજ વ્યવસ્થાનો હેતુ છુપાયેલો હોય છે. સૌથી વધુ વૈજ્ઞાનિક એવા આપણા દેશને ઓળખીએ, આપણા દેશમાં પ્રચલિત રીતિ–રિવાજો પાછળનું વિજ્ઞાન સમજીએ અને ઋષિમુનીઓ એ સુચવેલ દિનચર્યા–ઋતુચર્યાનું પાલન કરીએ અને સ્વસ્થ રહીએ અને ભારતને સ્વસ્થ અને સમૃદ્ધ બનાવીએ.

શરદ ઋતુનો પ્રારંભ થઈ ગયો છે, આમ તો શરદ ઋતુ એ તહેવારની ઋતુ છે પરંતુ આ ઋતુમાં પિતનો પ્રકોપ થતો હોવાથી સ્વાસ્થય બાબતે વિશેષ સાવધાની જરૂરી છે. ભાદરવો અને આસો આ બે મહીના શરદઋતુના છે.

વર્ષા ઋતુમાં શરીર વરસાદ અને ટાઢથી ટેવાઈ ગયુ હોય છે, જયારે આ ઋતુમાં ઠંડી શરૂ થઈ હોતી નથી પરંતુ ઠંડો પવન રાત્રે અને વહેલી સવારે વહેતો હોય છે અને ગરમી હજુ ઉનાળા જેવી જ હોય છે, તેથી શરદઋતુમાં સુર્યના તાપથી શરીર એકદમ તપવા લાગે છે અને વર્ષાકાળ મા શરીરમાં એકઠું થયેલુ માણસોનું પીત આ ઋતુમાં કોપે છે, અને આ બેવડી ઋતુ બીમારીનું કારણ બને છે. શરદઋતુમાં પીતનો પ્રકોપ થવાથી આપણું લોહી પણ પહેલાની સરખામણીમાં ગંદુ થઈ જાય છે, અગ્નિ મંદ થાય છે, આથી આ ઋતુમાં તાવ, ભુખ ન લાગવી, પાચન ન થવું તથા ચામડીના રોગો થવાની વધુ સંભાવના હોય છે. આ ઉપરાંત ખાડા–ખાબોચીયામાં એકઠુ થયેલા પાણીને લીધે મચ્છર જન્ય રોગચાળો જેવા કે મેલેરીયા, ડેગ્યુ, ચીકનગુનીયા થવાની વિશેષ સંભાવના રહે છે.

શરદઋતુ એ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલ પિતની શાંતી માટે જ આપણે શરદ પુનમની શીતળ ચાંદનીમાં દુધ–પૌવા ખાઈએ છીએ, આ દુધ–પેવા અને ખીર જેવા પરમ પિત શામક આહાર દ્રવ્યો છેક શ્રાધ્ધ પક્ષથી લઈને દેવ–દીવાળી સુધી ખાવા જોઈએ. દુધ, ભાત અને સાકર આ ત્રણે માંથી જ દુધ–પૌવા અને ખીર બને છે. આમ **આ પિત પ્રકોપક શરદ ઋતુમાં દુધ–પૌવા અને ખીર ખાવી એ એક ઉત્તમ સ્વાસ્થ રીવાજ છે.** છેલ્લા પંદરેક દિવસથી તાવ,માથું દુઃખવું, ચક્કર આવવા, માઈગ્રેન, અરૂચિ, ભુખ ન લાગવી તથા એલર્જી (શીળસ)નાં આવા લક્ષણ વાળા(પિતનાં પ્રકોપવાળા) દર્દીઓનું પ્રમાણ ખૂબ વધ્યું છે.



**ડૉ. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

આ શરદઋતુ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલા પિતના નિહરણ માટે વિરેચન કર્મ એ ઉત્તમ શોધન ક્રીયા છે એટલે **આ ઋતુમાં દર અઠવાડીયે એકાદ વખત સ્વાદીષ્ટ વિરેચન ચુર્ણ જેવા ઔષધોથી હળવો જુલાબ લેવો જોઈએ, જેથી પ્રકુપીત થયેલા પિતનું નિષ્કાસન થાય,** ખાટુ–આથાવાળી વસ્તુ ખાવાની બંધ કરવી જોઈએ, શકય હોય તો ભાદરવો પુરો થાય ત્યાં સુધી સાંજે જમવામાં રોજ ખીર જ ખાવી જોઈએ. આમ પિતની શાંતી થવાથી પૈતીક વ્યાધીઓની ઉત્પતી થશે નહી અને શરદ ઋતુમાં જો પિતનું શમન થશે તો આખુ વર્ષ તંદુરસ્તી જળવાઈ રહેશે અને એટલે જ આપણી સંસ્કુતિમાં શતમ જીવ શરદના આશીર્વાદ આપવામાં આવે છે.

પૈતિક વ્યાધિઓને આપણે પિતૃ શબ્દ સાથે જોડી દીધી છે આપણા વિચક્ષણ પૂર્વજો જાણતા હતા કે શરદ ઋતુમાં જો પિતનો પ્રકોપ શાંત કરવામાં નહિ આવે તો આખું વર્ષ પીતજન્ય રોગો થશે એટલે સામાન્ય માણસ અનુસરે એટલે તેમણે પિતૃ શાંતિ માટે ખીર ખાવાની અને કાગવાસ નાખવાની એવી વ્યવસ્થા ગોઠવી, આ સમયે કાગડાનાં બચ્ચાઓનો જન્મ થયો હોય છે.

આ બચ્ચાઓને સહેલાઈ ખાઈ શકાય તેવા ખોરાકની જરૂર પડે છે જો દૂધ અને ભાત મીક્ષ કરવામાં આવે તો ભાત પોચા થવાથી બચ્ચા સહેલાઈથી ખાઈ શકે અને તેને પોષણ મળી રહે એટલે આપણે કાગડાના બચ્ચા માટે કાગવાસ નાખીએ છીએ.

શ્રાવણ અને ભાદરવા માસ દરમ્યાન દૂધાળા પશુઓને વિયાવાનો સમય સહુથી વધુ હોય છે એટલે પશુઓ પુષ્કળ દૂધ આપતા હોય અને પશુપાલકોને પોતાનું દૂધનું માર્કેટ મળી રહે અને તેનું દૂધ વેચાય જાય એટલે શ્રાદ્ધ પક્ષમાં દૂધની વાનગીઓ નું સહુથી વધુ ચલણ

પીપળો એ ૨૪ કલાક ઓકસીજન આપનાર વૃક્ષ અને વડલો એ ઘાટો છાયો આપનાર અને જમીન ધોવાણ અટકાવનાર વૃક્ષ આ બંને વૃક્ષનો વંશ પૃથ્વી ઉપર જળવાઈ રહે એ માટે કાગડાને પૌષ્ટીક આહાર આપવો જરૂરી કારણ કે આ બંને વૃક્ષોના છોડ વાવવાથી એ ઊગતા નથી પણ વડલા અને પીપળાના ફળ કાગડો ખાય અને એના બિયા કાગડાના શરીરમાંથી પસાર થાય અને એ બીયા કાગડાની ચરકમાંથી નીકળે અને જમીન ઉપર પડે તો જ પીપળો અને વડલો ઊગે અન્યથા ઊગે નહી એટલે કાગડાને પૌષ્ટીક આહાર ખીર અને રોટલી આપવી એવી ઋષીમુનીઓની આજ્ઞા.

ચોમાસાની ભીની ઋતુઓમાં પશુ પક્ષીઓને કયાક ખોરાક સહજતાથી મળતો ન હોય એટલે કાગડો– ગાય –કૂતરૂં – માછલીઓ શ્રાધ્ધની વસ્તુ એને ખવરાવીને મૂંગા જાનવરોને મદદ કરી ખેચર–ભૂચર અને જળચર પ્રાણીઓએને મદદ કરવાની ભાવના અષાઢ માસથી સતત ચાલતું ચોમાસુ એટલે માણસો કયાક બહાર ન નીકળી શકયા હોય એકબીજાને ઘરે જાય અને હળીમળી શકે અને સામાજીક સબંધો વધુ સુદ્રઢ થાય એવી ભાવના સાથે શ્રાધ્ધ પક્ષની ગોઠવણી આ બધા કારણો તો ખરા જ પણ જયાં સુધી માણસોને ભય અને લોભ ન બતાવીએ ત્યાં સુધી એ કયારેય કોઈ કાર્ય ન કરે એટલે પુરાણ આધારીત ભાદરવા માસ દરમ્યાન પિતૃલોકના પિતૃઓ પૃથ્વીની સહુથી વધારે નજીક હોય એટલે પોતાના પૂર્વજોને યાદ કરી એમનું ઋણ અદા કરી એના પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા માટે પિતૃ સ્મરણ કરવા માટે એમને યાદ કરી પિંડદાન–પિતૃતર્પણ અને શ્રાધ્ધ વિધી કરવી એવી ઋષીમુનીઓની આજ્ઞા.

**મર્મ બિંદુ :–** આપણા તમામ રિવાજો **(સનાતન ધર્મના)** પાછળ સામાજિક આરોગ્ય, સામાજિક વ્યવસ્થા અને પ્રકૃતિનું સંતુલન જાળવવાનો હેતુ છુપાયેલો હોય છે, આવા રીતિ–રિવાજોને વૈજ્ઞાનિક રીતે જોઈએ, તેને સમજીએ અને તે મુજબ વર્તન કરી સ્વસ્થ જીવન જીવીએ.

## રામરૂપ અરૂ સિયછબિ દેખી, નરનારિન પરિહરી નિમેખી ।

અનુભવતી ત્યારે મને પ્રશ્ન ઉઠતો કે તો પછી આવી વ્યકિતઓને સાથે રાખીને ભગવાન વધારે સ્નેહ આપતા કેમ જણાય છે ?તે બાબત પરમ ઉદાર મારા પતિતપાવન ભગવાન અને સમજાવતા, "રમા સોચો, અચ્છે કો તો સભી ચાહતે હૈ પ્યાર કરતે હૈ ફિર ઐસે લોગ કહાં જાય ? યદિ મૈં ભી ઈન લોગોંકો છોડ દૂંગા તો ઈન લોગોંકા કયા હાલ હોગા તુમ્હે માલુમ હૈ ? કરત કરત અભ્યાસ જડ મતિ હોત સુજાન. કભી ન કભી તો સુધરેંગે". આ પ્રસંગે પરથી સમજાય છે કે ભગવાન રામ ધનુષબાણ રાખે છે તેમાં પણ બાણ જેવા સીધા હોય તેવા જીવોને તો દુર પણું મોકલે છે પરંતુ ધનુષ સમાન વાંકા જીવોને સદૈવ પાસે રાખે છે. સંતોનો આ પરમ ઉદાર, કરૂણામય સહજ સ્વભાવ જોવા મળે છે.દીનદયાળુના આવા કરૂણાસભર શબ્દો સાંભળી હું પણ ગદ્ગદ્ થઈ જતી. બીજી કોઈ વ્યકિતની પ્રશ્નોતરીમાં પણ મેં ભગવાનને સાંભળ્યા છે. એક વ્યકિતએ અમુક વ્યકિતનું જીવન જાણતા પૂછેલું કે, "ભગવાન, આ વ્યકિત આપની આટલી નિકટ રહે આપ પણ તેમને આટલા માન સન્માન સાથે સમીપ રાખો છો તો શું આપ તેના વર્તન થી અજાણ છો ?" ભગવાને કહયું, "દેખો ભાઈ, સાધુ યાને ઉકરડા વહાં કચરા હી તો આતા હૈ ઉસે સાફ કરના હી સંતો કામ કામ હૈ ઐસા નહીં કિ મૈં કુછ નહી જાનતા જાનતે હુએ ભી રખતા હું કારણ યહી હમારા ધંધા હૈ" સંતો કૃપા કરી આવા જીવોને વધારે નિકટ રાખી સ્નેહ આદર આપે છે પરંતુ,વિષયી જીવ પાઈ પ્રભુતાઈ, મૂઢ મોહવશ હોહિ જનાઈ.

(૪૦)

**કરિહહિં સત્ય કૃપાનિધિ ઈશા**

ગુરુપૂર્ણિમા પર ગોંદિયા ગઈ. પૂર્ણિમાને દિવસે સવારે રામાયણજી વિશે કોઈ પ્રસંગે ચાલતો હતો. ભગવાને કહયું, "કિસીકે પાસ રામાયણ હો તો લાઓ તો, મૈં ચોપાઈ ભૂલ ગયા." મેં રામાયણજી આપતાં કલમ માંગી સહી કરી આપી.

રામરૂપ અરૂ સિયછબી દેખી,
નરનારિન પરિહરી નિમેખી ।
રમા રમણ પરમાત્મને નમઃ


પૂજન માટે મને બોલાવેલી ત્યારે કહયું, "રમા, તુમ નાકમેં નય કર્યો નહીં પહનતી હો ?" મને નવાઈ લાગી. આગળ કહયું, "દેખો, ભારતીય આચર્ય સંસ્કૃતિ હિસાબસે આદર્શ જીવન જીના. યહ સબ આર્ય નારીકે ભૂષણ હૈ. હાથ મેં ચૂડી, નાકમેં નથ, ગલેમું કંઠી ઔર ટીકા હોના હોના હી ચાહિયે." આજે આ શરીર પર જે કાંઈ શણગાર છે તે ભગવાનની પ્રસાદી છે. આજે ઘણા લોકોને મને જોઈ આ બાબત પ્રશ્ન ઉઠે છે ઘણાં વિરોધ સાથે જાતજાતની વાતો પણ કરે છે. શું પહેરવું, કેમ રહેવું, કયાં રહેવું, તે બાબત વણમાગી સલાહ પણ આપે છે. પરંતુ જો તુમ મિલતેહુ પ્રથમ મુનીશા, સુનતિઉ શિખ તુમ્હારિ ધરિ શીશા, અબ મૈં જનમ શંભુહિત હારા, કો ગુણ દૂષણ કરૈ વિચારા.

### અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



શ્રીરામકૃષ્ણ દેવ પરમહંસના જીવનમાં તેમના અંત સમયે લોકો કેન્સરની તકલીફમાં તબિયત જોવાના નામે આવી. પોતાના સ્વાર્થી સ્વભાવ પ્રમાણે વર્તતા. તે વખતે પોતે ત્યાંથી ઉભા થઈ મહાકાળીની છબી પાસે જઈ કહેતા, "હે મા, જગદંબા તો તું છે હું નથી કે આ શેર દૂધમાં મળેલા પાંચશેર પાણી જેવા સંસારીઓને શુધ્ધ કરી શકું ?" જો આવા મહાન પુરૂષની આ દશા હોય તો પામર જીવનું શું ?

સમાજમાં સંસારીઓનો જાણે આ મૌલિક સ્વભાવ છે કે સાધુને મનફાવે ત્યાં પોતાની ઈચ્છા પ્રમાણેના ચોકઠામાં બંધ બેસાડવાના પૂર્ણ પ્રયાસ કરે છે. અમુક સમય પર તમે ભેખ લીધો છે, તમે સાધુ છો, તમારે આમ રહેવું જોઈએ તેમ કરવું જોઈએ વિગેરે શિખામણોના પોટલા બંધાવે છે પરંતુ જો ખરેખર સાધુભાવ સેવતા હોય તો સાધુ પરત્વેની પોતાની ફરજ શું છે અથવા અમને સંસારીઓને સાધુને ઉપદેશ આપવાનો અધિકાર છે કે નહીં તે ભૂલી જાય છે. સાધુ ભેખને સંતાપે એને ધીક છે રે. ખેર ! જેને આ માર્ગ પર ચાલવું છે તેની સાથે આમ બનવાનું જ છે. આવા પ્રભુના વિધવિધ કોમળ કે કઠોર કૃપાના અનુભવોમાંથી પસાર થતા સંસારીઓથી સાવધાન રહેવાનું જ. આવા પ્રસંગોથી આત્મ બળ અને નિષ્ઠા વધે છે.પૂ. શ્રી મોટાએ પણ પોતાનો અનુભવ જણાવ્યો છે કે, "આજે આ કઠણ કાળમાં સહુ કોઈને તેમની રીતે રહીએ, જીવીએ વર્તીએ, તે રૂચતુ હોય છે. હવે આ જીવનથી તેવી રીતે સદાકાળ વર્તવા ન બની શકતા અન્ય જીવોને તે ન રૂચે તે પણ સમજાય એવું છે. સાધનાની અમુક કક્ષાઓ વિતાવ્યા બાદ એક સમય એવો આવે છે. જીવાત્મા તે વેળા એક સાથે પરવાળો તેમજ બેપરવાવાળો બનેલો હોય છે. પરવાળાવાળા રંગઢંગ સહુ કોઈને ગમે અને બેપરવાળાના રંગઢંગ કોને ગમે ? હવે શ્રી પ્રભુકૃપાથી અમારે માત્ર કોઈ ગમાડવાને કારણે જીવવાનું નથી. પૂર્વના જીવનનો તો પ્રભુકૃપાર્થ કાયાપલ્ટો થઈ ગયો છે. એને નીરખવાને, સમજવાનો, અનુભવવાને જે જીવને જેમ લાગે તે ખરૂ. અમારે હવે એની કૃપાથી કોઈ સારૂ માહું લગાડવા પણ જવાનું દિલ નથી. સમજણથી ઘણો સમાન રીતે, મરજીએ, ઈચ્છાએ ચાલે છે તો પછી તેવી રીતે આ જીવન તેમ વર્તવાનું બને એમાં વાંધોવચકો શાને ? હું કયાં કોઈને કહેવું જાઉ છું કે આ જીવ કને આવો જો તમે તમારી જ મરજીથી આવવા કરો તો જે હેતુ કાજે આવવાનું બન્યું હોય તે હેતુના ઘડતર કાજે તેમ કહેવા કથવાનું પ્રકટે, તેને યોગ્ય રીતે સ્વીકારવાની તૈયારી ન હોય તો તેવા જરૂર ખસી જાય. તેનો હર્ષ શોક પ્રભુ કૃપાથી અમને નથી. અમે તો શ્રી પ્રભુકૃપા અમારા રંગમાં જેમ છીએ તેમ છીએ. અમારે અમારું કશું જ ઢાંકવું નથી જેમ જેવા જણાઈશું. લાગીશું કે વરતાઈશું તેનો વાંધો નથી. વાંધો જો કંઈ કશો હોય તો તે અમને હોવો જોઈએ. જેને વાંધો લાગે તે પળવાર પણ ઉભો ન રહે એવી અમારી લળળીને વિનંતીને પ્રાર્થના છે. જીવનમાં અમને વાંધા વચકા દિલમાં કે કેવા લાગેલા હતા તે વેળા તે કાજે શ્રી પ્રભુકૃપાથી જે પ્રાર્થનાઓ થયેલી છે તે જોઈ કોઈ જીવ તે અંગે વિચારે તેવી પણ અમારી તે જીવને વિનંતી છે."સમાજમાં આ સ્વભાવથી કોઈપણ ભકતો કે મહાપુરૂષો બચ્યા નથી મારા જીવનમાં હજી ભવિષ્યમાં આવી અનેક ઘટનાઓ ઘટી છે તેમાં પ્રભુ સહારો અને પ્રભુકૃપાનું બળ ન હોય તો કયાંથી કયાં ફેંકાઈ ગઈ હોત આ નિત્ય અનુભવાય છે. વિદ્યાર્થીને અભ્યાસક્રમમાં અગાળ વધતા અઘરા પેપરો આવવાન જ છે. જે કાંઈ લેખિત શીખય હોઈએ તે પ્રયોગાત્મક રીતે સિધ્ધ કરવું જ પડે છે તે રીતે જીવન ઘડતર માટે પણ પ્રસંગ કે ઘટના ઘટવી જરૂરી છે. ગોંદિયાથી હું પરિવાર સાથે નાગપુર ગઈ. ભગવાન પણ નાગપુર મોટાભાઈ ઘેર થોડીવાર માટે પધાર્યા.બીજે દિવસે સવારે અમુક બહેનોને ટ્રેનમાં બેસાડવા બધા ગયા ત્યાં ફરી નાગપુર ઘેર પધાર્યા. સવારનું ભોજન લીધુ. ત્યાર બાદ અનંતપુરવાળા ભાઈઓ સાથે દક્ષિણમાં જવા રવાના થયા અને હું જયપુર આવી.

(૪૧)

**કરૌં કૃપાનિધિ એક ઢિઠાઈ**

ભગવાન પાસેથી આવ્યા બાદ ઘરમાં મન ન લાગે તે સ્વાભાવિક છે. પરંતુ, ઘરની જવાબદારી સંભાળ્યા વિના છુટકો ન હતો. ધીરે ધીરે નિયમ ચાલુ કર્યો. મન તહઁ જહઁ રઘુવર વૈદેહી, બિનુ મન તન દુઃખ સુખ સુધિ કેહી થોડા દિવસો બાદ હૈદ્રાબાદથી પત્ર આવ્યો. શ્રી રામચંદ્રાય નમઃ
પ્રિય રમા સાદર આસીસ,

મેરા સ્વાસ્થ સાધારણ હૈ મેરા એક પત્ર મિલા હોગા મેરે સ્વાસ્થકે વિષયમેં ચિંતા ન કરના મૈં જલ્દી તુમસે મિલુંગા તા. ૨૪ સે તા. ૪ તક હૈદ્રાબાદ રહુંગા મૈં આરામ તો લેતા હું પર સ્વાસ્થ પર કોઈ અસર નહીં પડતા.

તુમ બરાબર નિયમ કરના ઔર સુનો તો બરાબર ખુબ વિચારપૂર્વક હી સબકો આસીસ.

– રણછોડદાસ કા આસીસ.

**(ક્રમશઃ)**

## સમજણ એ જ નારાયણ

**"જે હૃદયમાં માનવીનો ગમ સાચવે છે,**
**અસલમાં એ જ સાચો ધર્મ સાચવે છે"**

આજે વાત કરવી છે અમરેલીના મુઠ્ઠી ઉંચેરા માનવી જીવતરના ખરાઅર્થમાં જાણતલ, મળવા જેવા માણસ ડો. એસ.આર. દવે સાહેબ અને તેમના ધર્મપત્ની પૂ. સરલાબેન દવેને થયેલા હૃદયસ્પર્શી અનુભવની.

"ના બેન કયાંક મારી દીકરીને વહમું લાગે તો...!!"

વર્ષો સુધી બાળરોગ નિષ્ણાંત તરીકે માન, મોભા અને ગૌરવ સાથે જેમણે પ્રેકટિસ કરી છે. જેઓ જેને ઈશ્વર કૃપા અને સમાજનો તેમના પ્રત્યેનો સ્નેહભાવ સમજે છે, એવી જ રીતે ઘણા વર્ષોથી જેઓ દંપતી સ્વરૂપે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય સાથે જોડાયેલા છે જેને પ્રભુ કૃપા માને છે, અને તેના ફળ સ્વરૂપે એક સાચુકલા માણસ બની રહેવાની તાલીમ મળતી જ રહી છે, અનેરી દિવ્યતા અનુભવાતી રહી છે. તેમ સમાજે છે,

હાલ તેઓ બંને સજોડે શાંતાબા ગજેરા સિવીલ હોસ્પિટલ અમરેલીમાં ડો. કાનાબાર સાહેબ તથા તેમના મિત્રો સહકાર્યકારોએ મળીને "દર્દીના હમદર્દ" નામે અભિયાન શરૂ કરેલ છે. જેમાં



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

ગૃપના સભ્યો સિવિલ હોસ્પિટલના દર્દીઓની મુલાકાત લે છે તે અભિયાનના ભાગરૂપે દર રવિવારે દર્દીઓની સાર સંભાળ લેવા, પૂછવા તથા તેનામા માનસિક સજજતા કેળવવાના ભાગરૂપે નિયમિત માનદ સેવા આપવા જાય છે. આ સદ્કાર્ય, સેવા–કાર્ય દરમિયાન તેમને થયેલો એક સુખદ અને હૃદયસ્પર્શી અનુભવ આજે આપની સાથે શેર કરવો છે....

પૂ. દવે સાહેબ કહે છે કે, "કાયમના ક્રમ મુજબ હું હોસ્પિટલની લોબીમાંથી પસાર થઈ રહયો હોઉ છું ત્યાં એક મોટી ઉંમરના બેન મને મળવા આવે છે અને પૂછે છે કે "સાહેબ



તમારી સાથે જે હોય છે તે બને કયાં ? મારે તેમને તુરંત મળવું છે." પાછળ કોઈ દર્દી સાથે વાતચીત કરતા મારા પત્ની સરલાબેન તરફ હું હે બેનને દિશા સૂચન કરું છું... તે બેન જલ્દીથી સરલાબેન તરફ દોડી જાય છે અને પોતાની અંગત વાત કરતા કહે છે કે, બેન અમે નજીકના ગામથી અહીંયા પ્રસુતિ માટે આવ્યા છીએ.

આજે હોસ્પિટલમાં અમારા વોર્ડમાં જે કોઈ મહિલાઓને પ્રસુતિ થઈ તેમા બે જ બાબાનો જન્મ થયો છે અને બાકીની દસેક મહિલાઓએ બેબી (દીકરી)ને જન્મ આપ્યો છે અમારી બેન કે જેને પહેલા ખોળાની એક દીકરી પણ છે તેને આજે જોડીયા (ટિવન્સ) દીકરીઓને જન્મ આપ્યો છે.. બેન અમે તો આ વાતને રાજી ખુશીથી વધાવી લીધી છે... પણ અમારી એ દીકરીને પોતાને ત્યાં પુત્રરત્ન અવતરશે એવી આશા હતી. અને જનમી છે એક સાથે બે બે દીકરીઓ... તેથી તેનું મન રાખવા માટે હાલ તો અમે એમ કીધુ છે કે તારે ત્યાં દીકરાનો જન્મ થયો છે. પણ હવે તેની મા પોતાના સંતાનોને જોવાની ઉતાવળ કરે છે તો આ પરિસ્થિતિમાં તમે જ કોઈ સારો ઉપાય બતાવો કે અમારે હવે શું કરવું ?". સરલાબેન કહે છે કે, "સંતાનોની માતાને સાચી વાત કરી દ્યો તેમને તેની દીકરીઓ પણ બતાવો." ત્યારે તે મોટી ઉંમરના બેનના મોઢામાંથી શબ્દો સરી પડે છે કે, "ના બેન ઉતાવળમાં કયાંક મારી દીકરીને વહમુ (અસહ્ય) લાગે તો ?" સરલાબેન પૂછે છે કે, "પ્રસુતા તમારી દીકરી છે ?" ત્યારે તે બેન કહે છે કે "ના એ મારી પુત્રવધુ છે...!!" તેમના આ શબ્દો સરલાબેનના હૃદયને સ્પર્શી જાય છે..

આજે પણ સમાજમાં આવો વર્ગ મૌજુદ છે જે ત્રણ ત્રણ દીકરીઓનું હસતા મોઢે સ્વાગત તો કરે જ છે સાથે સાથે પુત્રવધુને પણ પોતાની દીકરી જ માને છે, ધન્ય છે આ પ્રજાને અને તેના ભીતર ભરેલા ઉચ્ચ સંસ્કારોને !! સરલાબેન પોતાની આવડત અને કોઠાસુજથી પ્રસુતાબેનને બધી વાત સમજાવે છે પછી તો માતા પણ તુરંત દીકરીઓને ભેટી પડે છે.. સૌ રાજી થાય છે."સમાજ માટે આ બહુ મોટો સંદેશ છે

આજનો સમય દીકરીઓનો સમય છે, દીકરી તો આંગણાનું ઓજસ છે, વહાલનો દરિયો છે, પ્યાર કી થાપણ છે, સમાજ રચનાનો આધાર સ્તંભ છે. દીકરી જ આપણી સંસ્કૃતિ અને સંસ્કારોની ધરોહર છે દીકરી ઘરની આન, બાન, શાન અને ગુમાન છે. ત્યારે વર્તમાન સમયમાં સમાજે દીકરીને પણ દીકરાની સમાન, સમોવડી ગણવી જ પડશે આજે દીકરીઓ સમાજના દરેક ક્ષેત્રમાં સારી રીતે આગળ વધી રહી છે ત્યારે સમાજે પણ તેમના પ્રત્યેના દ્રષ્ટિકોણને બદલવાની જરૂર છે એજ સંદેશ સાથે.

**॥ દીકરી દેવો ભવઃ ॥**

**(ડોકટર એસ.આર. દવે સાહેબ અને સરલાબેન દવે–અમરેલી પાસેથી જાણેલી વિગતના આધારે)**

## ૨૦ રૂપિયે મજુરી કરતો યુવક આજે શોર્ટ ફિલ્મોમાં ધુમ મચાવે છે

મતિરાળા, તા.૭

અમરેલી જિલ્લાનાં સલડી ગામનો સાડતીસ વર્ષનાં અશોક મકવાણા માત્ર સાત ગુજરાતી ભણ્યો છે. રસનાં સીસોડામાં ૨૦ રૂપિયામાં કામ કર્યુ બાદમા હિરા ઘસવાનું કામ પડતુ મુકી શોર્ટ ફિલ્મોમાં પ્રવેશ લીધો તેની કલાને પારખનાર ગોવિંદ ગુર્જરને યાદ કરતા અશોક કહે છે. કે હું ગુજરાતી ફિલ્મોના શુર્ટિંગ વખતે મદદ માટે જતો જેમાં ૨૫૦ રૂપિયા મળતા ૬–૭ માસનાં અંતે ગોવિંદભાઈએ મારી અભિનય કલા પારખી શોર્ટ ગુજરાતી ફિલ્મોમાં કામ આપ્યું આજે ૩૦ ગુજરાતી યુ–ટયુબ ચેનલમાં મારી ગુજરાતી પરિવારોની કથા જે પરિવાર સાથે મળી જોઈ શકે પ્રેરણા મળે તેવી ઘટનાઓ દર્શાવવામાં આવે છે. જીવાતા જીવન સાથે



**અહેવાલ : હરેશ બોરસાણિયા–મતિરાળા**

પરિવારમાં બનતી ઘટનાઓને નાટય સ્વરૂપ આપી દર્શકો સુધી આજે આવા પ્રકારની શોર્ટ ગુજરાતી ફિલ્મો હું કરી રહયો છું. લાખો દર્શકો આજે મને જોઈ રહયા છે.

૨૦ રૂપિયા કમાતો આ યુવક આજે હજારો કમાઈને પોતાની અભિયન કલાની સુવાસ દેશનાં સિમાડા ઓળંગી ગઈ છે. એક નાનો ગામડાનો યુવાન આજે અનેક ગુજરાતી કલાકારોને પોતાનાં આદર્શ ગણી પોતાની કલા આગળ વધારી રહયો છે. સાધારણ પરિવારનાં અશોક મકવાણા આજે અસાધારણ અભિયન કરી લાખો દર્શકોને અભિભૂત કરી રહયા છે.

# કહેવાતા 'હિંદુ રાષ્ટ્ર'માં દલિતોનું સ્થાન

૧૯૪૭માં આઝાદ થયેલ ભારત દેશના અને વિકાસના ક્ષેત્રે ભારતના 'આદર્શ' રાજય ગણાતા ગુજરાતમાં સુરેન્દ્રનગર ખાતેની ગાંધી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમમાં ભારતના બે નાગરિકોની લાશ પોસ્ટમોર્ટમ થવાની રાહ જોતી છેલ્લા ૧૨ કલાકથી વધુ સમયથી પડી છે. એક લાશની ઓળખ આલજીભાઈ અને બીજી લાશની ઓળખ મનુ ઉર્ફે મનોજભાઈ. મૃત્યુ પામનાર સગાભાઈઓ છે. તેમનાં મરણ પાકિસ્તાન દ્વારા થયેલ કોઈ હુમલામાં થયાં નથી. તેમનાં મૃત્યુ કોઈ બીમારીથી કે માર્ગ અકસ્માતમાં પણ થયું નથી. તેમનાં ધોળે દિવસે ખૂન કરવામાં આવ્યાં છે. સ્પષ્ટતાના હેતુથી જણાવવાનું કે તેમના ખૂન કરનાર કોઈ મુસલમાન,ખ્રિસ્તી કે અન્ય વિધર્મી નથી પણ હિંદુ છે. વધુમાં સ્પષ્ટતા કરવાની કે મરનારની સામાજિક ઓળખ 'દલિત' છે અને તેઓએ ધર્મપરિવર્તન કરી મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો નથી. તેઓ 'હિંદુ' છે.

મરનાર સામે કોઈ ગુનો નોંધાયો નથી. તેમણે આરોપીની બહેન–દીકરીની આબરૂ લીધી નથી કે તેમના પર શારીરિક હુમલો કર્યો નથી. તો ૬૦ અને ૫૦ વર્ષના આ બે ભાઈઓની હત્યા કરવાનું કારણ શું ?

કારણ આ પ્રમાણે છે. ૨૭ માર્ચ,૧૯૫૮ના દિવસે હાલના ચુડા તાલુકાના સમઢીયાળા ગામે મરનાર દલિત પરિવારના કુટુંબીજનોએ તેમના પર જીવલેણ હુમલો કરનાર પરિવારની ખેતીની આશરે ૯ એકર જમીન ખરીદી હતી અને પૈસા ચૂકવી આપ્યા હતા. સિંચાઈ વગરની આ સૂકીભઠ જમીનની ત્યારે ઝાઝી કિંમત ન હતી. જમીનના ભાગીદારોમાંથી કોઈ એક ભાગીદારે વેંચાણ દસ્તાવેજમાં સહી કરી ન હતી માટે આ જમીનનો સોદો ગેરકાયદેસર ગણવાની અરજી જિલ્લા કલેકટરની કચેરીમાં થઈ હતી અને તેનો નિકાલ દલિત પરિવારની તરફેણમાં થઈ જતાં કોઈ જ કાનૂની વિવાદ બચ્યો ન હતો. જમીનના દસ્તાવેજોમાં માલિકી દલિત પરિવારની છે.

વર્ષો અગાઉ હુમલો કરનાર આરોપીના કોઈ વડવાનું ખૂન તેમના જ સમાજના આંતરિક ઝગડામાં થતાં તે કુટુંબના લોકો ગામ છોડી બાજુના સુદામડા ગામે રહે છે. જમીન ખરીદનાર દલિત પરિવારના લોકો પણ ધંધાર્થે અમદાવાદ રહે છે. પોતાની માલિકીની જમીન તેઓ ભાગે ખેડાવતા હતા. સિંચાઈની વ્યવસ્થા સાથે જમીનોના ભાવ ઊંચકાયા અને તે સાથે અમદાવાદ રહેતા દલિતોની જમીન દાદાગીરીના જોરે પડાવી લેવાના પેંતરા પણ મજબૂત થયા. તારીખ ૧૨ જુલાઈ, ૨૦૨૩ના રોજ દલિત પરિવારના ચાર પુરૂષો અને બે મહિલા સભ્યો અમદાવાદથી સમઢીયાળા આવ્યા જેથી પોતાની જમીનને ખેડી શકાય. રસ્તામાં અગાઉ ગોઠવણ થયા અનુસાર, ટુવા ગામના દલિત પરિવારનું ટ્રેકટર પણ ભાડે સાથે લીધું હતું. જમીન ખેડાણ દરમિયાન જ આરોપીઓ ધારિયાં–પાઈપ અને લાકડીઓથી સજ્જ થઈ દલિત પરિવાર પર તૂટી પડયા. પરિણામે બે દલિતોની હત્યા થઈ અને બાકીના બધાં જ ઘાયલ થયા, જેમાં બે મહિલા સભ્યોની હાથની આંગળીઓ પણ કપાઈ છે! આ હત્યા જરૂર રોકી શકાઈ તેમ હતી પણ હત્યા થઈ તેના માટે ગુજરાત સરકાર સીધી જવાબદાર છે. આ બનાવના એક અઠવાડિયા પહેલાં દલિતોએ ચુડા પોલીસ સ્ટેશન, નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, જિલ્લા પોલીસ વડાની કચેરી, જિલ્લાના કલેકટરની કચેરી, રાજયના મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને રાજયના પોલીસ વડાને પણ પોતાની જમીન ખેડવા જાય તો સામાવાળા જાનથી મારી નાંખવાની ધમકી આપે છે એટલે તેમના પર કાર્યવાહી કરવા અને પોતાને પોલીસ રક્ષણ આપવા અરજી કરી હતી. આ અરજી ચુડા પોલીસ તેમજ જિલ્લા પોલીસવડાની કચેરી તથા કલેકટર કચેરી દ્વારા હસ્તે રૂબરૂ મળ્યા બદલની સહી સિક્કાવાળી નોંધ દફતરે નોંધાઈ છે. ફરિયાદીએ ચુડા પોલીસની લાપરવાહી અંગે પણ સરકાર અને પોલીસતંત્રનું ધ્યાન દોરી જણાવ્યું છે કે, ફરિયાદને ગંભીરતાથી લેવાના બદલે પોલીસ દલિતો પાસે ધમકી આપ્યાના સાક્ષી–પુરાવાનો આગ્રહ રાખે છે. કાયદાની ઐસી તૈસી કરી ગેરક્ષકોનો એક ફોન આવતાં જ ઢોરના મુસલમાન માલિકોને સીધા કરવા હાંફળા–ફાંફળા અને રઘવાયા બની જતા પોલીસતંત્રે દલિતોની ફરિયાદ ધ્યાને લીધી હોત તો બબ્બે દલિતોની હત્યા ન થઈ હોત. ખૂનની ધમકી આપ્યાના દલિતો પાસે પુરાવા માંગતી સરકારને હવે હત્યાના પુરાવા મળી ચુકયા છે.

અત્યાચાર ધારાનો હેતુ અત્યાચાર બને તે પછી કાર્યવાહી કરવાનો નહિ પરંતુ અત્યાચાર રોકવાનો છે પણ ગુજરાત અને ભારત સરકારને દલિત–આદિવાસી પર અત્યાચાર રોકવામાં કોઈ રસ નથી. જો રસ હોત તો અત્યાચારના આંકડા દર વર્ષે વિકરાળ રીતે વધતા ન હોત. આઝાદીના પંચોતેર વર્ષ પછી દલિતો પર જેટલા અત્યાચારો થાય છે તેટલા અંગ્રેજ શાસનમાં થતા ન હતા! જે જમીન દલિત પરિવારે ૬૫ વર્ષ પહેલાં ખરીદી હતી, આજે પણ એ જમીનમાં પ્રવેશ કરવા તેમણે પોલીસને ભૈસાબ–બાપા કહેવું પડે તે ગુજરાતના વિકાસને માપવાનો સાચો માપદંડ છે!

સુરેન્દ્રનગરમાં જમીનના પ્રશ્ને ખૂન – ખરાબા થવા તે નવો વિષય નથી. ૧૯૯૪ થી ૨૦૦૪ દરમિયાન આ જિલ્લાના લીમડી – લખતર – વઢવાણ અને સાયલા તાલુકાના માત્ર ૨૫૧ ગામમાં દલિતોને ટોચમર્યાદા અને સાંથણીમાં મળેલ જમીનના તેઓ કાયદેસરના માલિક હોવા છતાં તેમની ૬,૦૦૦ એકર જમીનમાં ગેરકાયદેસર દબાણ–કબજો જેવા બનાવો ઝીણવટપૂર્વક સર્વેક્ષણના આધારે નવસર્જન ટ્રસ્ટ દ્વારા શોધી, કેટલાંય ધરણાં – પ્રદર્શનો અને અંતે ગુજરાતની વડી અદાલતની દરમિયાનગીરીથી આ જમીનોના કબજા દશ વર્ષના સંઘર્ષ બાદ દલિતોને અપાવેલ. દલિતોને આ જમીન અપાવવાના સંઘર્ષમાં ભાજપ, કોંગ્રેસ કે કહેવાતાં કોઈ જ હિંદુ સંગઠનો જોડાયાં ન હતાં. દલિતોને આ જ જિલ્લામાં અન્ય જમીનો અપાવવામાં સંઘર્ષ કરનાર વાલજીભાઈ પટેલનો સંઘર્ષ તે આ સંઘર્ષ ઉપરાંતનો. દલિતોના જમીન અધિકાર જાળવવાનું કામ થયું તે માત્ર ને માત્ર દલિતોના પોતીકાં સંઘર્ષથી જ.થોડા દિવસ પહેલાં વિરમગામ તાલુકાના દાલોદ ગામે દલિતો પર હુમલો કર્યો. હુમલાની આગેવાની સ્ત્રીઓએ લીધી. આ સંઘર્ષનું કારણ એટલું જ હતું કે ગ્રામ પંચાયતે ઠરાવ કરી દલિતોને નવી જગ્યાએ સ્મશાનભૂમિ માટે જગ્યા આપી! હું ૧૦૦ કુટુંબોના વપરાશવાળી જૂની દલિત સ્મશાનભૂમિ જોવા સ્થળ પર ગયો. તે ભૂમિ પર એકાદ મિનિટ ઊભા રહેવું અશકય હતું. ગાંડા બાવળનાં ઝૂંડ, ભૂંડોનો પથારો અને માનવ મળ–મૂત્રના વેરણછેરણ પોદળા વચ્ચે હું ઊભો રહ્યો. આઝાદ ભારતના નાગરિકોનું આ સ્મશાન હતું. જીવતાજીવ તો દલિતોને સ્વમાન નહીં, મર્યા પછી પણ નહીં. કારણ કે આ દલિતોનું સ્મશાન હતું. ચોમાસામાં આ જગ્યા પર ત્રણ ફૂટ પાણી ભરાય એટલે ચાર મજબૂત યુવાનો કોઈના મરણ પ્રસંગે શકય તેટલો ઊંડો ખાડો હાથથી કરી મૃતકને એમાં સુવડાવી 'મરણસંસ્કાર' પૂર્ણ કર્યાનો અનુભવ કરે! દલિતોના સ્મશાનની આવી પરિસ્થિતિ ગુજરાતનાં ગામેગામ છે. ભારતના ઈતિહાસમાં હિંદુ સમાજે કે આર.એસ.એસ. જેવાં હિંદુ સંગઠનોએ કયારેય એ આંદોલન નથી ઉપાડયું કે ભારતના એકેએક ગામમાં કે શહેરમાં હિંદુ દેવસ્થાન, પીવાના પાણીની કૂવા અને સ્મશાન બધાં હિંદુઓ માટે એક જ રહેશે.

દાલોદ ગ્રામ પંચાયતે દલિતો માટે સ્મશાનભૂમિ ફાળવી તે જમીન કોઈની માલિકીની નથી પણ સરકારી ખરાબાની જમીન છે. પણ આ સ્મશાનભૂમિમાં જવા દલિતોને દૂરથી અમૂકનાં ઘરોના નજર ક્ષેત્રમાંથી પસાર થવું પડે તેની આભડછેટ અમૂકવ્યકિતઓને પરેશાન કરતી હતી. કોઈની દલીલ એવી પણ હતી કે ભવિષ્યમાં નવી દલિત સ્મશાનભૂમિની બાજુમાં આવેલા તળાવનાં પાણી વરસાદનાં પાણીથી છલકાય અને ત્યારે મૃત દલિતોનાં અવશેષો તણાઈને તળાવના પાણીમાં ભળે અને તે પાણી 'અમારા' ઢોરનાં પેટમાં જાય તો? કોરોના વખતે કેટલી નધણિયાતી લાશો આપણે ગંગા મૈયાનાં પટમાં દબાવી, તે વાત આપણે ભૂલી ગયા છીએ!

દાલોદ ગામે દલિત અત્યાચારનો બનાવ બન્યો તેમાં સ્થાનિક ધારાસભ્યની મુલાકાત માત્ર અમૂક વિસ્તાર પૂરતી જ સીમિત રહી. ગુજરાતના એક પણ દલિત ધારાસભ્યને ત્યાં જવા ફુરસદ ન મળી. બાજુના વિરમગામ શહેરમાં થોડા દિવસ પહેલાં નજીવી બોલાચાલીમાં દલિત – મુસ્લિમ વચ્ચે પથ્થરમારો થયો, તેમાં ત્રણ ધારાસભ્યોએ મુલાકાત લીધી અને તેમાં બે દલિત ધારાસભ્યો પણ ખરા. વળી, તેમાં ઢગલાબંધ હિંદુ સંગઠનોના નેતાઓ તો ખરા જ. દલિત ધારાસભ્યોને 'હિંદુત્વ'માં જે ઘી–કેળાંનાં દર્શન થાય છે તે ડો. આંબેડકર દ્વારા ચીંધીત સ્વમાનમૂલક સંઘર્ષમાં થતાં નથી.

શું ડો. આંબેડકરે 'પુના કરાર' માં સહી કરી ભારે સંઘર્ષના આધારે મેળવેલ અલગ મતાધિકારનું બલિદાન આપી ભૂલ કરી? પુના કરાર તે એક પક્ષે 'અંત્યજ' નેતાઓ અને બીજા પક્ષે 'હિંદુ' નેતાઓ વચ્ચે થયેલ સામાજિક કરાર હતો. હિંદુ નેતાઓમાં આજના આર.એસ.એસ. રૂપે ત્યારના ' હિંદુ મહાસભા' ની પણ સહી–સિક્કો હતા. આ કરારમાં બે જ મુદ્દા હતા : આભડછેટનો અંત કરવાનું વચન અને ૧૦ વર્ષ માટે રાજકીય અનામત. ગાંધીજીએ વાયદો કરેલ કે આભડછેટનો અંત ૧૦ વર્ષ પહેલાં જ આવી જશે અને માટે અનામતની જરૂર જ નહીં રહે. ૯૨ વર્ષ અગાઉ થયેલ કરાર પર ડો. આંબેડકરે ભરોસો મૂકયો અને ભારતનો વહીવટ ધાર્મિક માન્યતાઓને આધારે નહીં પરંતુ કાયદાના આધારે થાય તે માટે બાકીની જિંદગી 'દુનિયાનું શ્રેષ્ઠ' બંધારણ ઘડવામાં ખર્ચી નાંખી.

આ કરારનું શું થયું? આજે આઝાદીનાં ૭૫ વર્ષ પછી દલિત – આદિવાસીને સ્વમાન મળવાના બદલે મળ્યા માત્ર પોતાનાં મોં પર પેશાબ, પગરખાંનો ગાળામાં હાર અને થૂંકીને પોતાનું થૂંક જાહેરમાં ચાટવા જેવા અપમાનિત અત્યાચારો! હિંદુ શિક્ષકના માટલામાંથી પાણી પીવા બદલ હિંદુ બાળક ઈન્દ્ર મેઘવાલનું મરણ; હાથરસ, ઉના, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આભડછેટ અને ભેદભાવથી તેજસ્વી દલિત વિદ્યાર્થીઓની આત્મહત્યાઓના બનાવો. માત્ર આઝાદીનાં ૭૫ વર્ષોમાં દલિત–આદિવાસી પર જે અત્યાચારો થયા છે. તેની યાદી કરીશું અને તેની અંદર છુપાયેલી વેદના વાગોળીશું તો તેની આગળ ભારત – પાકિસ્તાન કે ભારત – ચીનના યુદ્ધ ઝાંખાં પડી જશે!

દલિત – આદિવાસી પરના અત્યાચારો વધતા જ ચાલ્યા છે. ભારતની સરકારે, મોંમાં મગ ભર્યા હોય તેમ ચૂપ બેસી માથાભારે તત્વોને છૂટ્ટો દોર આપ્યો છે. કહેવાતા 'હિંદુરાષ્ટ્ર' ની સ્થાપના માટે મનફાવે તેમ નાગરિકોના ઘરમાં ઘૂસી આતંક મચાવવાનો. ૯૨ વર્ષ પહેલાં 'અખંડ ભારતના રાષ્ટ્રનિર્માણ માટે અને ગાંધીજીએ, તેમના જ શબ્દોમાં 'હિંદુસમાજમાં ભાગલા ન પડે તે માટે. આંબેડકરને અલગ મતાધિકારની વાત પડતી મૂકવા દુરાગ્રહ સેવેલો.

આજે જે ગૃહયુદ્ધ (સિવિલ વોર) જેવી સ્થિતિ મણિપુરમાં પ્રવર્તમાન છે તે ભારતભરમાં ફાટી ન નીકળી તેનું એકમાત્ર કારણ છે 'ભારતનું બંધારણ'. હવે બંધારણ મજબૂત રહેવાનું ન હોય તો દલિતો માટે ભારતમાં સન્માનપૂર્વક જીવવાનો રસ્તો કયો? સુરેન્દ્રનગરની આ ઘટના જે વિસ્તારમાં બની છે તે વિસ્તારમાં મેં બે ગામો જોયાં હતાં કે, જયાં દલિત ફળિયામાં માત્ર પુરૂષો અને ઘરડી સ્ત્રીઓ જ રહેતી હતી. પોતાની આબરૂ બચાવવા જુવાન દલિત સ્ત્રીઓ બીજા ગામમાં રહેતી હતી અને દલિત પુરૂષો પોતાની પત્ની તથા દીકરીને મળવા બીજે ગામ જતા. સુદામડા પાસેના જ એક ગામમાં હું ગયો હતો, જયાં દલિત બાલિકા હાજતે ગઈ અને ત્યાં એક વ્યકિતના હાથમાં પીંખાઈ! આજ સમયે અન્ય એક દલિત બાલિકા ત્યાં પહોંચી અને આ ભયાવહ દશ્ય જોઈ બૂમ પાડે તે પહેલાં પેલા વ્યકિતએ એ દીકરીનું ગળું દબાવી દીધું હતું અને ત્યાર બાદ બીજી બાલિકાનું પણ! હું એ ગામમાં ગયો હતો પણ બીકના કારણે દલિતોએ મારી જોડે વાત કરવાના બદલે કમાડ ભીડી દીધાં હતાં. આજે પણ દલિત શકિત કેન્દ્રમાં ભણવા આવતી સૌરાષ્ટ્રની દલિત યુવતીઓ પોતાની ડાયરીમાં નોંધે છે કે પોતાના ગામમાં તે કુદરતી હાજતે જાય ત્યારે અમૂક શખ્સો સામે આવી ઊભા રહે છે!

નવસર્જન દ્વારા સુરેન્દ્રનગર અને ગુજરાતના ઘણા વિસ્તારોમાં દલિતોના જમીન, વેતન જેવા અધિકારો પર લડત આપી અને કેટલાય અત્યાચારોના કેસોમાં કાનૂની રાહે જીત મેળવી. આજે ભારતમાં સ્વચ્છ ભારત મિશનનો પાયો નંખાયો તેનાં મૂળિયાં નવસર્જન દ્વારા 'માથે મેલું ઉપાડવાની પ્રથા' સામે રાણપુરના સફાઈ કામદારોએ લડત ઉપાડી તેમાં છે. આ લડતનું દસ્તાવેજીકરણ ઉર્વીશ કોઠારીના લખાણોમાં મળી રહેશે. આઝાદ ભારતના ઈતિહાસમાં આ મુદ્દા પર સૌ પ્રથમ યાચિકા ગુજરાતની વડી અદાલતમાં દાખલ થઈ અને તેને કારણે ગુજરાત આ અંગેનો કાયદો અમલી બનાવનાર 'પ્રથમ રાજય બન્યું.' ત્યાર બાદ ભારતનાં અન્ય રાજયોએ પણ આ કાયદાનો અમલ શરૂ કર્યો. વડોદરા જિલ્લાના પાદરા – કરજણ – ડભોઈ – શિનોર તાલુકાનાં ગામોમાં ખેતમજૂરોનાં લઘુત્તમ વેતનના શાસનનો સવાલ પણ નવસર્જને ઉપાડયો. યાદ રહે કે અહીંયા શોષણ માત્ર દલિત મજૂરોનું જ નહીં પરંતુ આદિવાસી અને ઓબીસી મજૂરોનું પણ થતું હતું. આ લડત તીવ્ર બની ત્યારે 'નવસર્જન અને 'પરિવર્તન સંસ્થાની આફિસો પર હુમલા કરવામાં આવ્યા અને બહાનું એવું બતાવવામાં આવ્યું કે આ જગ્યાએ વટાળ પ્રવૃત્તિ ચાલે છે.

નવસર્જનની લડતને કારણે ઘણા અત્યાચારો પર કાબૂ આવ્યો. નવસર્જનને અટકાવવા બે દલિત ધારાસભ્યો અને મંત્રીઓને સહારે આ સંસ્થા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરે છે, તેવા આક્ષેપ મુકાયા. નવસર્જન દ્વારા પ્રથમવાર વિશાળ અભ્યાસ કરી ગુજરાતનાં ૧૫૬૯ ગામોની માહિતીના આધારે આભડછેટનું ચલણ કેટલું વ્યાપક છે, તેના અભ્યાસે સરકારની પરેશાની વધારી દીધી. હકીકતે દેશભરમાં નવસર્જન જેવી અનેક સંસ્થાઓને એક યા બીજા કારણોસર ગૂંગળાવવામાં આવી. ગરીબો અને શોષિતો પોતાના અધિકારો માટે જાગ્રત થાય અને પોતાની સમકક્ષ બને તે ભારતના સામંતી વર્ગને પસંદ નથી, ભલેને પછી તે વર્ગ હિંદુ હોય કે અન્ય. તેમના માટે 'હિંદુત્વ તે માત્ર પોતાની સત્તા અને સંપત્તિ કાયમી જાળવી રાખવાનું 'એકમાત્ર સાધન છે'. જે દેશ રાફેલ જેવાં વિમાનો ખરીદવા અબજો રૂપિયા ખર્ચી શકે તે દેશનો ક્રમ ભૂખમરા અને કુપોષણમાં ટોચના દેશોમાં કેમ કરી આવી શકે?


નક્કી હવે દલિતોએ કરવાનું છે : કયાં સુધી અપમાનિત થઈ ગુલામની જિંદગી જીવવી છે? ૨૦૨૨માં ભારતમાં દલિતોની વસ્તી ૨૫ કરોડની સંખ્યાને આંબી ગઈ છે અને દલિતો ભારતના ૧૯.૬૦ કરોડ મતદારો છે. આ સંખ્યાબળ વગર હિંદુરાષ્ટ્રની કલ્પના ખોખલી બની જાય છે. ભારતનું બંધારણ જે અધિકારો અને સલામતી દલિતો–આદિવાસી–લઘુમતી–ગરીબો અને સ્ત્રીવર્ગને આપે છે, તે સલામતી અને રક્ષણ બીજી કોઈ વ્યવસ્થા આપી શકે તેમ નથી. સવિશેષ દલિતોને છેલ્લાં ૩,૦૦૦ વર્ષનો વર્ણવ્યવસ્થા પ્રેરિત સમાજવ્યવસ્થાનો અનુભવ છે. તેમની હાલની પ્રગતિ માત્ર તેમની મહેનત, સંઘર્ષ અને બંધારણીય રક્ષણને આભારી છે.શું હિંદુરાષ્ટ્રના ખ્યાલમાં જાતિવ્યવસ્થાને મજબૂત કર્યા સિવાયની બીજી કઈ વાત છે? આ કલ્પનાનું પરિણામ અન્ય કશું નથી પણ વિભાજીત ભારતની તે 'ગેરંટી' છે. અખંડિત ભારત માત્ર ને માત્ર બંધારણે રજૂ કરેલ વ્યવસ્થા સંચાલનથી જ બને.

'સમાન નાગરિક કાયદાની વાત ઝાંઝવાના જળ જેવી છે. ડો. આંબેડકરે જયારે તમામ ભારતીય સ્ત્રીઓના વારસાઈના હક્કોનું રક્ષણ કરતુ 'હિંદુકોડ બિલ' રજૂ કર્યું ત્યારે હિંદુ સંગઠનોએ તેનો વિરોધ કરી ડો. આંબેડકરની અસ્થિ કેમ બાળી હતી? ભારતની વિધાનસભાઓ અને લોકસભામાં સ્ત્રીઓ માટે ૩૩ ટકા અનામતની વાતમાં ભારતનો એકપણ રાજકીય પક્ષ કેમ સહમત નથી? કારણ વર્ણવ્યવસ્થાને જેટલી આભડછેટ દલિતો–આદિવાસીની છે તેટલી જ સ્ત્રીઓની પણ છે. સાચા અર્થમાં, સ્ત્રી સમાનતા ભારતના લોહીમાં હોત તો આજે આપણા વિદ્યાલયોમાં પ્રાર્થના સાવિત્રીબાઈ ફૂલે અને જયોતિબા ફૂલેની થતી હોત ! સમઢિયાળાની ઘટનામાં આર.એસ.એસ. હિંદુઓની હત્યાથી શોકગ્રસ્ત થઈ પોતાનો ધ્વજ અડધી કાઠીએ ફરકાવશે ?

– માર્ટિન મકવાન,

સંકલન : કાંતિલાલ પરમાર
મુ. ચિતલ,
હાલ : અમદાવાદ

# ''નક્કી કરો ભીડનો ભાગ થવું કે, અનોખો આકાર''

અનુભૂતિનાં અક્ષરો

– નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

આપણે એક એવા સમયમાં કે સમાજમાં શ્વાસ લઈ રહ્યા છીએ. કે જયાં આપણે સૌ મરજીના માલિક છીએ. આપણા જીવનના તમામ નિર્ણયો આપણે કરી શકીએ એટલા મુકત માહોલમાં જીવીએ છીએ. એવું આપણું માનવું છે.

ઘણા ખરા અંશે સાચું હશે. પરંતુ તે છતાં આપણે સતત કોઈની દોરવણીથી દોરવાતા રહીએ છીએ. આપણે જે સમય સમાજ કે માહોલમાં રહીએ છીએ, તેના નક્કી કરેલા નિયમોમાં જીવીએ છીએ, અથવા તો જીવવું પડે છે.

પછી તે ચાહે કોઈ પણ ક્ષેત્ર હોય તેના નીતિનિયમ વર્ષોથી ચાલતા આવે છે એ જ છે. એટલે તમારી એ ક્ષેત્રમાં સ્થાન લેવું હોય કે પ્રગતિ કરવી હોય તો એ ધરેડને અનુસરવું આવશ્યક છે. તમને તમારો નવો જિલ્લો ચીતરવાની આઝાદી નથી.

કેમકે, 'એવું કોઈએ નથી કર્યું એટલે નહીં કરવાનું. બસ એ જ જવાબ જેમાં કોઈ તાર્કિક સમજ નથી.' એટલે બધા ગાડરીયા પ્રવાહમાં તણાઈ તો તમારે પણ તણાવું તો જ તમે એ સમૂહ કે જૂથનો હિસ્સો બની શકો.

દા.ત.

'એક ઓફિસની બહાર એક બાંકડા પર દરરોજ સવારે એક માણસ બેસે અને એનું ધ્યાન રાખે ત્યાં કોઈને બેસવા દે નહીં. અને રાત્રે બીજો માણસ ત્યાં ધ્યાન રાખી કોઈ વટેમાર્ગુને પણ બેસવા જતા રોકે. તેને એક વટેમાર્ગુને પ્રશ્ન થયો એટલે બાકડો સંભાળતા એને પૂછયું,

'કેમ તમે અહીં કોઈને બેસવા નથી દેતાં.'

તેણે કીધું મુખ્ય સાહેબને પૂછો એમ એકબીજાને પૂછતાં પૂછતાં સૌથી જૂના ને જે સૌથી પહેલાં આ કામ સંભાળતા તેને પૂછયું ત્યારે જુના સાહેબે કહ્યું, કે 'એ સમયે બાંકડાનું રંગ રોગાણ કરેલું એટલે કોઈના કપડાં ન બગડે એટલે એને રોકતાં હતાં'.

'બોલો.... કેવો ગાડરિયો પ્રવાહ ..?'

આમ આપણે પણ યોગ્ય કારણ જાણ્યા વગર જ ચાલતી ગાડીમાં ચડી જવાની આદત થઈ ગઈ છે. જે તરફનું વેણ હોય એ તરફ વહી જવાનું. પોતાની આગવી વિશિષ્ટતા કે વ્યક્તિત્વ જેવું કંઈ નહીં.

શા માટે દરેક વ્યકિતને ભીડનો ભાગ બનવું જરૂરી છે ? શા માટે દરેક વ્યકિત તેના વ્યકિત્વનો આગવો વિકાસ ન કરે ? આપણી આવડત પર આપણને વિશ્વાસ છે તો શા માટે એનાથી ડગવાનું ? જે ભીડનો ભાગ બની પોતાનું અસ્તિત્વ જ ભુંસાઈ જાય એ ભીડનો ભાગ બનવાનો શું મતલબ ? જે દુનિયાથી અલગ વિચારે છે તેને સંકટો તો આવવાના, તેનો વિરોધ પણ થવાનો, લોકો તેને ધિક્કારવાના જ, પણ એ માત્ર ત્યાં સુધીજ જયાંસુધી તમારો એક અલગ વિચાર યુનિક ના બની જાય. તો જયારે દુનિયાથી જુદું વિચાર્યું હોય ત્યારે આવનારી તકલીફો સામે ડરવાનું નહીં.

તેનો સામનો કરવો પડે અને એને પાર કરી સંઘર્ષની પેલે પાર વાટ જોતી સફળતા પામવી પડે. જોકે દુનિયાથી અલગ વિચારનારને અહીં પાગલ ગણે છે, પણ એનાથી અટકયા વગર જે પોતાનું કામ કરે છે તેને એકના એક દિવસ તો યોગ્ય મંજિલ મળે જ છે. પણ દુનિયાથી અલગ વિચારવું એ ઉત્તમ છે પણ સકારાત્મક બને એવું હોવું જોઈએ. 'ઈતિહાસ દુનિયાથી કંઈક અલગ કરનારા ના જ રચાય છે. ભીડનો ભાગ બની જનાર કે તેમાં સુર પુરાવનારના નહીં.'

માટે જો તમને તમારા કામ પર વિશ્વાસ હોય તો, દુનિયાથી જુદો ચિલો ચીતરવા આગળ ધપજો. પણ પોતાનું અસ્તિત્વ ઓસરી જઈને ભીડનો ભાગ બની તમારી પ્રતિભા કે જનુનને કચડી ના નાખતાં.

આજે દરેક ક્ષેત્રમાં એકે કર્યું એનું ચાલ્યું એટલે બીજા ૫૦ એની નકલ કરે. અને આપણી જૂની કહેવત છે ને 'નકલને અક્કલ નથી હોતી.'

એટલે બને તો 'ભીડનો ભાગ નહીં અનોખો આકાર બનવા મથીએ.' લડાઈ લાંબી થાય, સંકટો આવે એ મુસીબતોને પાર કરી જે એક આગવું વ્યકિત્વ વિકસે તે ખરેખર અમૂલ્ય હોય. માટે ચલો ' ભીડનો ભાગ નહીં અનોખો આકારબનીએ'.

# ધારી તાલુકાનું ચલાલા ગામ આમ તો સંત શ્રી દાન મહારાજનું ગામ

સાવરકુંડલા, તા.૨૨

**સ્થિતિ મનની પણ કેવી સંચિત છે,**
**સંસ્મરણો બાળપણના અકબંધ છે.**
**ચાલને થોડું જીવી લઈએ**
**આ ભાગદોડની ચાહમાં,**
**ત્રુટક ત્રુટક શબ્દો સરે છે મુખમાં,**
**બજાર પણ આ કયાં જથ્થાબંધ છે.?**
**– 'પાંધી સર'**

આમ તો ચલાલા એટલે દાન મહારાજનું ગામ. લગભગ પંદરથી વીસ ગામનું હટાણું અહીં થતું. આમ પણ નૈતિક મૂલ્યોની જાળવણી માટે નાગરદાસ દોશી (નાગરબાપા) અને નરસિંહ દાસ ગોંધિયા, નંદલાલભાઈ જોષી,નાથાલાલ ચંદારાણા અને નાથાલાલ કાનજીભાઈ ઉનડકટ, નાગજીભાઈ અંટાળા, વીરજીભાઈ ધરમશીભાઈ કાકડીયાની ભૂમિ. વર્ષો સુધી પંચાયત રાજમાં આદર્શ વ્યવસ્થાનું નિર્માણ થયેલું.

એમાં એક હતી રાવળ શેરી અને ભટ્ટ શેરી બંને શેરીઓનો નાતો એવો કે એક શેરીમાંથી બીજી શેરીમાં આસાનીથી અવરજવર થઈ શકે. હા,રાવળ શેરીમાં વિતાવેલીએ બચપણની યાદોને હજુ પણ વિસરવું અશકય લાગે છે. રાવળ શેરી આમ થોડી વાંકીચૂકી પણ ત્યાં વસતાં લોકો સીધા સટ્ટ હતાં શેરીમાં પ્રવેશતાં જ લાલભાઈ મોચીની દુકાન ખૂણામાં સ્વાગત કરતી હોય તેવું લાગ્યા વગર રહેતું ન હતું. શેરીની બરોબર સામે ફીદુભાઈની હાર્ડવેર અને એકસપ્લોસીવ કેપ અર્થાત જેને સાદી ભાષામાં કૂવો ગાળવામાં વપરાતાં ટોટા કહેવામાં આવતાં. હાલ તો કૂવાની સંખ્યા નહિવત હોય આ ટોટા વપરાશમાં લેવાતાં હશે કે કેમ તે વિશે કંઈ ખ્યાલ નથી. શેરીમાં પ્રવેશતાં જ એક બંધ મકાન આવતું કહેવાય છે કે તે સમયે કોઈ બાબુભાઈ મીના ટ્રાન્સપોર્ટ વાળાનું હતું અને તેઓ રાજકોટથી કયારેક આવતાં આગળ જતાં એજ લાઈનમાં એક નાની આડી શેરી જેવા વિસ્તારમાં બે ત્રણ મકાન હતાં જે બહારની તરફ રામજી મંદિર વાળા રોડે દરવાજા પણ ધરાવતાં હતાં.

આ શેરીમાં એક મોટાં ફળિયાંવાળા મકાનમાં મોહનભાઈ માસ્તર રહેતાં અને તેની સામે જ ત્રિભુવનભાઈ દરજીનું મોટું દેશી નળિયાવાળુ મકાન હતું તેને લગોલગ અમારૂં મકાન અર્થાત્ હરગોવિંદભાઈ મૂળજીભાઈ દેવરાજભાઈ પાંધીનું એકનીચા પડથારવાળું મકાન અને તેની બરોબર સામે એક સોની કુટુંબ ગુલાબભાઈ સોનીનો પરિવાર રહેતો. તેની આગળ જતાં આજે એક બંધ હાલતનું મકાન અમારી દિવાલને લગોલગ હતું. અને તેની બાજુમાં આજે જે દાનેવ ભજીયા તરીકે ચલાલા અને આસપાસના વિસ્તારોમાં ખ્યાતિ ધરાવે છે તે વાસુરભાઈનું મકાન હતું.

નાનપણમાં દિલીપ સાથે નવરાત્રિની ગરબી મંડળમાં આખા ગામમાં ફાળો ઉઘરાવવા નીકળતાં તે પણ ન ભૂલાઈ. અને રાવળ શેરીમા રહેતાં નંદલાલભાઈ જોષી એક વૈદ્ય તરીકે ઓછા અને રાજનેતા તરીકે વધારે કાર્યરત હોવાથી અવાર–નવાર એનાં ઘરે રાજકારણી અને સાહિત્યકારોનો પણ જમાવડો રહેતો મને આછું આછું યાદ હોય તો નટુભાઈ જોષી નંદલાલભાઈના ભાઈ, પી.સી.મગદાણી, એમ.આર ભટ્ટ, છેલભાઈ જોષી તેમજ મોરારીબાપુ પણ કયારેક પધારતાં એવું આછું સ્મરણ છે અને સાહિત્યની રમઝટ રાત્રિના લાંબા સમય સુધી ચાલતી.અને એને અડીને મનુભાઈ લુહારનું જાળીવાળું મકાન જયાભાભી, કંચનબેન, સુમીબેન, હેમીબેન વગેરે અને સામેની બાજુમાં નાથાલાલ કાનજીભાઈ ઉનડકટની ફળિયાબંધ ડેલી.નાથાબાપા એટલે એક જે.પી.નો ઈલ્કાબ ધરાવતાં અને કાનૂની વિધિનાં સારાં જાણકારી ધરાવતા એક વિશિષ્ટ પ્રતિભા જ સમજવી.

એનું જાજરમાન વ્યક્તિત્વ તેમનાં મિજાજનો પરિચય આપ્યા વગર ન રહે. હા, અને ચલાલા જેવડા નાનકડા ગામમાંથી જયેન્દ્રભાઈને આજથી પચાસ વર્ષ પૂર્વે અમેરિકા જતાં જોયાં હતાં. કેટલાય લોકો તેને શુભેચ્છા આપવા રાવળ શેરીમાં આવ્યા હતાં.

આ રાવળ શેરીમાં દુલેરાય મહેતા કે જેનાં નામની ચલાલામાં હાઈસ્કૂલ છે તે આર. કે. એમ. એમ.નું જૂનું નિવાસસ્થાન પણ હતું પરંતુ તેઓ તો વર્ષોથી મુંબઈ સ્થાયી થયાં હોય કોઈક દિવસ આંટો આવતાં.અને ભટ્ટ શેરીમાં આવેલું ભગવાનભાઈ દરજીનાં ઘર પાસેથી સીધાં દાનબાપુની જગ્યામાં નીકળી શકાતું. આ ભટ્ટ શેરીમાં પણ એક માધવ ભુવન નામનું આલીશાન મકાન હતું.

ત્યારે કોઈ યોગેર દાદાને સમર્પિત લહેરી પરિવાર રહેતો. સ્વાધ્યાયી હોવાથી રાત્રે શ્ર્લોકોનાં પાઠ પણ થતાં અમને એનું થોડું ઘણું સ્મરણ છે. હા, આ સમયમાં ઝરૂખા મંડળ નામનું એક મંડળ અસ્તિત્વમાં આવેલ અને મૂળીમાની જગ્યામાં દર ગુરૂવારે જલારામ બાપાની ધૂન ગાવાની શરૂઆત થઈ હતી.

પ્રેમજીભાઈ નથવાણીએ પણ આ સંસ્થાને ખાસ્સું માર્ગદર્શન આપેલ. અને હાલ એ મૂળીમાની જગ્યા અનેક લોકોનું શ્રધ્ધાનું સ્થાન છે. આર, કે. એમ. એમ. હાઈસ્કૂલનાં રખેવાળી કરતાં સીદીબાપુનો વિનોદી સ્વભાવ આજે પણ સ્મૃતિપટ્ટ પર તરવરે છે. હા,ચલાલાનીએ મોચી બજાર.અહીં ગામે ગામથી લોકો હાથ બનાવટનાં પગરખાં સીવડાવવા આવતાં. ગામને છેવાડે આવેલી લોટ દળવાની ઘંટી અને ઈસાભાઈ ધુપેલ તેલ વાળાની પણ એક અલગ જ સ્મૃતિ લાગે છે.

પટેલ શેરીમાં બાબુભાઈ કરિયાણાવાળા ખાસ તો દુધ દહીંનો એક અલગ સ્વાદ રહેતો ૫ પૈસાનું પળી દૂધ મળતું અને બે પૈસાની ચકલી છાપ ચા દરરોજ ચા – પાણીમાં કામ આવતી. અને અમન આર્ટ સ્ટુડિયો અને ફિરોજભાઈની ફોટોગ્રાફી.અને મૂળીમાની શેરીનાં ખૂણે લાલભાઈની દુકાને પણ જીવન જરૂરિયાતની વસ્તુઓ મળતી. અને હા બરોબર ચોકમાં જ શાકભાજીઓની ઘણી દુકાનો હતી. ટપુભાઈ બકાલી તરીકે જાણીતાએ શાકભાજી વિક્રેતાનોએ માયાળુ સ્વભાવ અને જનતા ટી સ્ટોલ નામની ચાની હોટલ ગફારભાઈનો પણ એક ગુલાબી સ્વભાવ દરેકને યાદ રહી જાય તેવો શાહી ઠાઠ સફેદ ઈસ્ત્રી ટાઈટ રેશમી વસ્ત્રો અને માથે કાળી ટોપી સાથે સિગારેટનો કશ લેતાં નજરે પડતાં એક અલગ જ પરિદ્રશ્ય હતું. અને ચલાલા લોહાણા મહાજન વાડીનાં ચોકમાં નવરાત્રીનાં એ પ્રાચીન ગરબા મહોત્સવ આજે પણ યાદ છે..તો વળી તિલક ચોકની એ નવરાત્રિ સમયે ચલાલાના મશહૂર તબલચી કનૈયાલાલ મહેતાના તાલે માતાજીના ગરબા સાંભળીને મન ખરેખર પ્રફુલ્લિત થઈ જતું.

હા, અને બાલ મંદિર કેમ ભૂલાય ? અમરેલી રોડ પર ગામના છેવાડે ખાદી કાર્યાલયના મેદાનમાં આવેલુંએબાલમંદિર એ બાલમંદિરની અંદર ચકડોળ લપસણી, હિંચકા ઉંચક નીચક અને સરલાબેનનો એ માયાળુ સ્વભાવ બાળકોના મન હરી લેતું. અને ગરમા ગરમ પૌષ્ટિક નાસ્તો પણ ચિરંજીવી યાદીમાંથી બાકાત તો ન જ કરી શકાય. હા, અને એ બળદથી ચાલતો રેંકડો. અને એમાં બેસીને બાલમંદિર જવાની મજા કંઈ ઓર હતી.

અંતમાં વરસાદી મોસમમાંએ શેરીના ગારાથી બનાવેલ રમકડાં.છેલ્લે કહું તો સંસ્મરણો હમેશાં ચિરંજીવી હોય છે. અને જીવનની સાચી મૂડી પણ ધન દોલત નહીં પરંતુ બાળપણનાં સંસ્મરણો જ કહી શકાય.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**મૃત્યુ મિમાંસા–ખંડ–૨**

આજના 'સંદેશ' ન્યુઝ પેપરમાં એક સરસ પોઝીટીવ સમાચાર છે. ''માનવી ૧૫૦ વર્ષ આચમનથી જીવી શકશે.'' વિજ્ઞાન જગતે અનેક અસાધ્ય રોગો ઉપર વિજય હાંસલ કરેલ છે. અમેરીકન મીડિયાના એક રિપોર્ટ અનુસાર ડો. અર્ન્સ્ટ વોન શ્વાર્ઝનું માનવું છે કે સ્ટેમ સેલ રિસર્ચના કારણે સદીના અંત સુધીમાં માનવી ૧૫૦ વરસ સુધી જીવંત રહી શકશે. આગામી થોડાક વરસો પછી ૧૨૦ વર્ષ જીવી શકશે. કેવી રીતે લાંબુ જીવન જીવી શકશે ? ડોકટરના મત મુજબ શરીરના સ્ટેમસેલ વિકસિત થવાના કારણે શરીરના રોગો ઉપર ઉપચાર થઈ શકશે. લાંબુ જીવી શકાશે.

ભગવાન શ્રી કૃષ્ણ ૧૨૦ વરસ કરતા વધુ જીવ્યા છે. પોતાનું અવતાર કાર્ય પુરુ થયું છે તેથી સ્વયં પોતે પોતાની લીલા સંકેલી લીધી તે આપ સૌ જાણો છો. તીર મારનાર શિકારીને અફસોસ નહી કરવા અને આ બધુ અગાઉથી નકકી જ હતુ. તેથી તેને પણ ક્ષમા આપી જીવનકાર્ય પુરુ કરે છે.

આપણા પૌરાણિક સમયમાં વેદકાળમાં લોકો સ્વસ્થ આરોગ્યમય લાંબુ જીવતા હતા. આપણા ભારતમાં એક યોગી ૧૨૬ વરસ ના છે. જેનું સન્માન આપણા વડાપ્રધાન નરેન્દ્રમોદીએ કર્યુ છે. સ્વસ્થ જીવનશૈલી આરોગ્યના નિયમો પાળવાથી તંદુરસ્ત લાંબુ જીવન શકય છે.

આ સમાચારની પાછળના પેઈજ ઉપર કાર્ડિયાક એરેસ્ટથી મૃત્યુ થયેલા નવયુવાનોના મોતના સમાચાર છે. શા માટે અકાળે મૃત્યુ થાય છે. તેની તપાસ થવી જોઈએ. અકાળે મૃત્યુના પ્રસંગો નિવારવા શકય બધા જ ઉપાયો કરવા જોઈએ. હૃદયરોગના કિસ્સાઓ વધી રહયા છે ત્યારે સૌને આરોગ્યની જાણકારી આપવી જોઈએ.

હું પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારે ૧૯૫૬–૫૭માં ધોરણ–૪ થી ૭ સુધી એક વિષય ખાસ હતો. '' શુદ્ધ અને સ્વસ્થ જીવન'' આ પુસ્તકમાં તમામ રોગો વિશે તમામ આહાર–વિહારની બાબતો ઉપર સાયન્સની રીતે માહિતી શીખવા મળતી હતી. પ્રાથમિક સારવાર સો શરીરની રચના અને શરીરના તમામ તંત્રોની કાર્ય પધ્ધતિ વિશે ખુબ સરસ વૈજ્ઞાનિક માહિતી મળતી હતી. કોણ જાણે કેમ જે અત્યંત જરૂરી છે. એવો આ શિક્ષણનો વિષય કેમ જે અત્યંત જરૂરી છે. એવો આ શિક્ષણનો વિષય અભ્યાસક્રમમાંથી


ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

નીકળી ગયો છે. અફસોસ કે જીવન જીવવા જે જરૂરી છે. તેવા વિષયની બાદબાકી થઈ ગઈ.

સાચુ શિક્ષણ તેને જ કહેવાય જે ભણવામાં આવે અને તુર્ત જ કામ લાગે. જીવન વ્યવહારમાં તુર્તજ ઉપયોગી થાય. અકબર–ઔરંગઝેબનો ઈતિહાસ બધાને ભણાવાથી શું ફાયદો ?

મૃત્યુનો ઘટનાક્રમ જીવનનું પરમ સત્ય મૃત્યુ છે. પરંતુ ઘટનાનો ક્રમ એવો હોવો જોઈએ કે આ બાબત દ્રષ્ટાંત દ્વારા કહી છે. મંગલ મૃત્યુ.

એક સુખી પરિવારે સુંદર ઘર બનાવ્યું. ગામમાં આવેલ એક સંતને ઘરે આવવા કહયું. સંત આવ્યા સુંદર રીતે સ્વાગત પૂજા કરી, પછી વિદાય વખતે આશિર્વાદ આપવાનું કહયું. સંતે આશીર્વાદ આપતા કહયું : ''તમારા કુટુંબના વડા દાદાનું મૃત્યુ થાય પછી તમારા પિતાજીનું મૃત્યુ થાય. પછી તમારુ મૃત્યુ થાય અને પછી તમારા બાળકોનુ મૃત્યુ થાય.'' પેલો માણસ આ સાંભળી ગુસ્સે થઈ ગયો. આ શું બોલો છો ? મૃત્યુના આશીર્વાદ હોય ? સંતે શાંત સમજાવ્યુ કે મૃત્યુનો આ સુંદર પ્રકાર છે. તમારા દાદાના મૃત્યુ પહેલા તારા પુત્રનું મૃત્યુ થાય તો કેવો અનર્થ થાય ? મૃત્યુથી વધુ કોઈ દુઃખ નથી. તમારુ જીવન તે પછી જ ક્રમશઃ ઘટના ક્રમ બનશે. તમારા ઘરમાં કોઈ અકાળ મૃત્યુ નહિ પામે, જીવનના સૌથી દુઃખદ ઘટના અકાળ મૃત્યુની છે. જીવન પથ લાંબો છે.

ઘણા કાર્યો કરવાના છે. ઘણા અનુભવો કરવાના છે અને સામાન્ય રોગ કે અકસ્માતથી થતા મૃત્યુ અતિ અસહ્ય અને આઘાતજનક હોય છે. જિંદગીભર યાતના દુઃખ ફરસ પર લાદીની જેમ જીવનમાં જડાયેલા હોય છે. બાકીના વ્યકિત, મા–બાપ, ભાઈઓ–બહેનો જીવન જીવે છે પણ તે કયારેય સુખ પામી શકતા નથી. મૃત્યુ સૌના માટે નકકી જ છે પરંતુ તે જીવનના તમામ રસ ભોગો ભોગવી લે અને મૃત્યુ સહજ રીતે સ્વીકારવા તૈયાર થાય પૂર્ણ ઉંમરના પડાવે આવે તો તે સ્વજનો માટે દુઃખદ ઘટના ન બને. મેં ઘણીવાર અખબારમાં વાંચ્યુ છે કે એકસો વરસ પુરા કરનાર કુટુંબના વડીલ પોતના સંતાનોને તેડાવી સૌને મળી શાંતિથી વિદાય લે છે. આપણે ત્યાં જીવન જગ તિર્યુ કર્યુ. તેમ કહેવાય છે મતલબ કે મૃત્યુ પછી જે વિધિ કરવામાં આવે છે તે વિધિ માણસ પોતાની હૈયાતીમાં જે જુએ છે. દાન–દક્ષિણા ભોજન વગેરે કરાવે છે અને પોતાને સંતોષ થાય છે કે સમગ્ર પરિવાર સુમેળ ભર્યો પ્રેમથી સંપીને રહે છે. આર્થિક રીતે સુખી છે. લોકો બોલે કે લીલીવાડી મૂકીને દાદા કે દાદી ગયા છે. એટલે આવા મૃત્યુને મંગલ મૃત્યુ કહે છે. સૌનુ મંગલ મૃત્યુને સ્વીકારે તે માટે જીવનનો પથ સત્ય–પ્રેમ કરૂણાને સ્વાધીન હોવો જોઈએ.

### ધારી ગીર(પુર્વ) વિભાગ દ્વારા

# તુલસીશ્યામ રેન્જનાં ખડાધાર પ્રાથમિક શાળા ખાતે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી

## રાજકીય આગેવાનો અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યાં



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૭

ધારી ગીર (પુર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જનાં ખડાધાર પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાનો વન્યપ્રાણી સપ્તાહ–૨૦૨૩ ની ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધારી વન વિભાગનાં નાયબ વન સરંક્ષક રાજદીપસિંહ ઝાલા, મદદનીશ વન સરંક્ષક મનીષ ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ તુલસીશ્યામ રેન્જનાં ફોરેસ્ટ ઓફિસર આર.ડી.પાઠક તેમજ તુલસીશ્યામ રેન્જના તમામ સ્ટાફ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી કાર્યક્રમમાં ખાંભા તાલુકાની અલગ–અલગ કુલ–૩૦ શાળાનાં ૮૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં વિદ્યાર્થીઓ માટે જુદી–જુદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં "વન અને વન્યજીવો" વિષયક ચિત્ર સ્પર્ધામાં ૫૦ વિદ્યાર્થીઓ, નિબંધ સ્પર્ધામાં ૧૦ વિદ્યાર્થીઓ, વકૃત્વ સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થીઓ અને પ્રશ્નોતરીમાં ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જેમાં ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ ૫૨ ખડાધાર પ્રા.શાળાનાં કુ.તરસરીયા કક્ષા બી. ધો.૮ દ્વિતિય ક્રમે સાળવા પ્રા.શાળાના કુ.સુતરીયા નૃતિકા જે.ધો.૮ અને ધુંધવાણા પ્રા.શાળાનાં કુ.બાંભણીયા હેતલ એન.ધો.૭ ત્રીજા ક્રમે સરાકડીયા પ્રા.શાળાનાં કુ.રાઠોડ ખુશી જે ધો.૮ લાસા પ્રા.શાળાના પ્રીત આઈ.રાવળ ધો.૭નાં વિદ્યાર્થીઓએ સ્થાન મેળવેલ હતું. તેમજ નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે બોરાળા પ્રા.શાળાના કુ.બારૈયા ભુમીકા એચ.ધો.૮ દ્વિતિય ક્રમે આંબલીયાળા પ્રા.શાળાનાં સોલંકી રાજુ આર.ધો.૮ ત્રીજા ક્રમે દલડી પ્રા.શાળાનાં કુ.પરમાર ધરતિ આર. ધો.૮ના વિદ્યાર્થીઓએ સ્થાન મેળવેલ હતું. વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન ખડાધાર મા.શાળાનાં લાડુમોર રૂત્વીક એચ. ધો.૮ દ્વિતિય ક્રમે માધ્યામીક શાળા પાટીનાં ચૌહાણ યુવરાજ જે.ધો.૯ ત્રીજા ક્રમે માધ્યમી શાળાનાં થડેશ્વર મોહિત એ.ધો.૧૧ ના વિદ્યાર્થીઓએ સ્થાન મેળવેલ હતું. પ્રશ્નોતરીમાં પ્રથમ સ્થાન ડેડાણ માધ્યમીક શાળાનાં બાંભણીયા અક્ષય જે. ધો.૧૦ દ્વિતિય નંબર ૫૨ જે.એન.મહેતા હાઈસ્કુલ ખાંભાનાં ગોહિલ દર્શનાબા ડી. ધો.૯ અને ત્રીજા સ્થાન ઉપર જનતા વિદ્યાલય તાલડાનાં ધો.૯નાં કણસાગરા અજંલી જે. તથા ભંમર જય કે. અને માધ્યામીક શાળા પાટીનાં કુ.જોગદીયા ભાવિશા ડી.ધો.૯ના વિદ્યાર્થીઓએ સ્થાન મેળવેલ હતું.

તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા ધારાસભ્ય જે.વી.કાકડીયા, જી.પ.સભ્ય નરેન્દ્રભાઈ ફિડોળીયા, ખાંભા તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ સેલડીયા, ખાંભા તાલુકા પંચાયતના પ્રમુખ ભીખાભાઈ સરવૈયા, ખાંભા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ હમીરભાઈ ભરવાડ, ખાંભા તાલુકાનાં ચેરમેન મુકેશભાઈ માંગરોળીયા વગેરે ઉપસ્થિત રહયા હતા. અને ગીર (પુર્વ) વન વિભાગ, ધારી દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્ર આપી અને ૧ થી ૩ ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થીઓએ પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા.

### રવજીભાઈ કાચા અને કનુભાઈ જોષીની શ્રેષ્ઠ કામગીરી

# અમરેલીનાં સીનિયર સિટીઝન મંડળનાં હોદ્દેદારોનું વડોદરા ખાતે સન્માન

## મુખ્ય દંડક બાલકૃષ્ણ શુકલનાં હસ્તે એવોર્ડ એનાયત



અમરેલી, તા. ૭

અમરેલીમાં છેલ્લા અઢાર વર્ષથી સિનિયર સિટીઝન સોસાયટી મંડળ ચાલે છે. આ મંડળ એજકેર ફેડરેશન વડોદરા સાથે સંલગ્ન. તાજેતરમાં ફેડરેશનનું ૧૬મુ અધિવેશન મળેલ હતું જેમાં અમરેલી મંડળના પ્રમુખ રવજીભાઈ કાચાને સાહિત્ય અને કવિતા તથા મહામંત્રી કનુભાઈ જોષીને મંડળની શ્રેષ્ઠ કામગીરી બદલ બાલકૃષ્ણ શુકલ મુખ્ય દંડક વિધાનસભા ગુજરાત સરકાર દ્વારા વડોદરા મુકામે શાલ, મોમેન્ટો અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં કરવામાં આવેલ. સિનિયર સિટીઝન સોસાયટી અમરેલીના વડીલોને મિત્રોએ તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે અને આનંદની લાગણી વ્યકત કરી છે. તેમ ટોમભાઈ અગ્રાવતે જણાવેલ છે.

### તાલીમ પૂર્ણ કરી વતન ફરતા આવકાર

# અમરેલી : વિઠ્ઠલપુરનાં યુવક વિશાલ ભાસ્કર અગ્નિવીર બન્યા

## સમગ્ર વાતાવરણ ભારત માતા કી જયનાં નારાથી ગુંજી ઉઠયું



અમરેલી, તા. ૭

અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામના યુવાન વિશાલભાઈ બધાભાઈ ભાસ્કર અગ્નિવીર આર્મીની ટ્રેનિંગ પૂરી કરીને પોતાના માદરે વતન આવતા પરિવાર તેમજ વતનવાસીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ તકે વિઠ્ઠલપુર ખંભીળીયા ગામ ભારત માતા કી જયના નારા સાથે ગુંજી ઉઠયુ હતું અને સમાજ તેમજ ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામના યુવકે છ મહિનાની આર્મીની ટ્રેનિંગ પૂરી કરીને પોતાના વતને પહોંચ્યા હતા. તેમજ વિઠ્ઠલપુરના વિશાલભાઈ આર્મીની ટ્રેનિંગ પૂરી કરી પોતાના વતન પહોંચતા ગ્રામજનો દ્વારા ડીજેના તાલે ભવ્ય સ્વાગત કરી ગામના લોકો તેમજ આસપાસના ગામલોકો તેમજ અમરેલી તાલુકામાંથી પધારેલ સામાજીક આગેવાનો દ્વારા સ્વાગત કર્યુ હતુ. આ તકે વિશાલભાઈના માતા–પિતા, પરિવારજનો તથા પુરા ગામના લોકો ગર્વની લાગણી અનુભવતા જોવા મળી રહ્યા હતા.

### વાઈસ ચેરમેન મુકેશ સંઘાણીએ શુભેચ્છા પાઠવી

# અમરેલીની અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા અમેરિકાનાં પ્રવાસે રવાના

## એમ.ડી. ડો. પટેલ, જીએમ ધાર્મિક રામાણીએ પણ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૭

અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા અમેરિકા પ્રવાસે જતા અમર ડેરીના વાઈસ ચેરમેન મૂકેશભાઈ સંઘાણી, મેનેજીંગ ડિરેકટર ડો. આર.એસ. પટેલ, જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામણી તથા અમર ડેરીના કર્મચારીઓ દ્વારા શુભ કામનાઓ પાઠવવામાં આવી હતી.

## અવસાન નોંધ

**અમરેલીઃ** ચાંપાથળ નિવાસી સ્વ. મંગાબાપાના ધર્મપતિ સ્વ.લાખુમાનું દુઃખદ અવસાન થયેલ છે. જે સ્વ.વાલજીભાઈ(શિક્ષક), ગોવિંદભાઈ, રવજીભાઈ (ઈન્જીનીંયર), સ્વ.રામજીભાઈ, ગૌતમભાઈના માતૃશ્રી થાય છે.તેમજ જીતુભાઈ મકવાણા (એલસીબી પોલીસ)ના દાદી થાય છે.જેની ઉતરક્રિયા તા.૮/૧૦/૨૦૨૩ના રોજ ચાંપાથાળ ગામે રાખેલ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની રજૂઆતથી

# સાવરકુંડલા–લીલીયા તાલુકાનાં ગામોનાં સ્મશાનગૃહોમાં સ્મશાન સગડી મંજૂર

## રૂપિયા ૪૪ લાખ ૫૫ હજારની રકમ મંજૂર



હોનહાર ધારાસભ્ય મહેશભાઈ

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા/લીલીયા વિધાનસભા મત વિસ્તારનાં ગામોનાં સ્મશાન ગૃહોમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની યોજના અંતર્ગત પરંપરામાં મનુષ્યનાં મૃતદેહ પછી કરતા અગ્નિ સંસ્કાર વિધિ માટે સારી એવી સંખ્યામાં વૃક્ષો કાપવામાં આવે છે. આ સુધારેલ સ્મશાન ભઠ્ઠીના ઉપયોગથી મૃતદેહના અગ્નિ સંસ્કાર પાછળ વપરાતા લાકડામાં ૫૦% જેવી બચત થઈ શકે અને વૃક્ષો કપાતા અટકે સાથો સાથ પર્યાવરણની જાળવણીના શુભ હેતુથી સાવરકુંડલા/લીલીયા વિધાનસભા વિસ્તારના નામના નહી પણ કામના હોનહાર ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ધ્વારા પોતાના મત વિસ્તારનાં ગામોમાં સુધારે સ્મશાન ભઠ્ઠી બેસાડવા માટે કુલ ૮૧ સ્મશાન ભઠ્ઠીઓની કુલ રકમ રૂપિયા ૪૪ લાખ પણ હજાર મંજૂર કરાવેલ છે. જે સ્મશાન ભઠ્ઠીઓ ઉર્જા વિકાસ નિગમની એજન્સી ધ્વારા લીલીયા તાલુકામાં ૩૩ ગામોમાં ૩૭ સ્મશાન ભઠ્ઠી તથા સાવરકુંડલા તાલુકામાં ૩૬ ગામોમાં ૪૪ સ્મશાન ભઠ્ઠી મળી કુલ ૮૧ સ્મશાન ભઠ્ઠીઓ જે તે ગામોમાં બેસાડવાની કામગીરી ચાલું થઈ ગયેલ છે. આમ કસવાલા ધ્વારા લોકઉપયોગી સગવડો ઉભી કરવામાં પાછી પાની કરતા નથી. આ સગવડથી પર્યાવરણમાં પણ સુધારો થઈ શકે છે તેમ અટલધારા કાર્યાલયની યાદીમાં જણાવવામાં આવેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું અનીડા ગામે દુર્ગંધયુક્ત પીવાનું પાણી

પંચાયતના ટાંકામાંથી આમાથી એક જગ્યાએથી પાણી દુષિત થઈને ગામમાં વિતરણ થઈ રહ્યું છે. આ ગામની પાંચ હજારથી વધારે વસ્તી ધરાવતું ગામડું છે અને આ દુષિત પાણીની સમસ્યા વહેલીતકે દૂર થાય અને લોકોને ચોખ્ખુ પાણી મળે તે જરૂરી છે. વર્તમાન સમયમાં રોગચાળાની મૌસમ હોય જેથી આ દુષિત પાણી પીવાથી લોકોને બીમારી થવાની પુરી શકયતા હોય લોકોનાં આરોગ્યની બાબત હોય પંચાયત તથા સિંચાઈ વિભાગ વહેલીતકે આ દુષિત પાણીની સમસ્યા દૂર કરે તેવી જાગૃત લોકોએ મીડિયાને જણાવી હતી.

### પાના ૧ ઉપરનું ચાલું ગેરકાયદેસર રેતી ભરેલ

ગેરકાયદેસર ખનીજ ચોરી કરી રહ્યા હોય જેની અનેક ફરિયાદો ઉઠેલ હોય. ત્યારે જિલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારીની સુચનાથી ગેરકાયદેસર રેતી, ખનીજ ચોરી ચાલતી બંધ કરવા માટે જરૂરી સૂચના આપેલ હોય. ત્યારે ઉનાના ખાણ ખનીજ અધિકારી એન.વી. બારડ તથા પ્રાંત અધિકારીની સંયુકત ટીમ વહેલી સવારે ગુપ્ત પેટ્રોલિંગમાં હોય ત્યારે લામધાર બાયપાસ પરથી પસાર થતા પથ્થર ભરેલ ટ્રેકટરને રોકાવી તપાસ કરતા કોઈપણ પ્રકારની પાસ પરમિટ મળી ન આવતા ટ્રેકટર ચાલક ભરત કામળિયા રહે. નાઠેજવાળા વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. જયારે દેલવાડા ગામના બસ સ્ટેશન પાસેથી ગેરકાયદેસર રીતે રેતી ભરેલ ત્રણ ટ્રેકટરને ઝડપી પાડી રેતી ચોરી કરનાર રમેશ ઉર્ફે પરદી કામળીયા રહે. વાંસોજ, જેન્તી બાબુ મજીઠીયા રહે. કાળાપણ, પ્રવીણ રૂડા મજીઠીયા રહે. કાળાપણ તા. ઉનાવાળાઓ મળી ખનીજ ચોરી ભરેલ કુલ ૪ ટ્રેકટર સાથે ૨૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરનો અનુરોધ

# બાબરા પંથકની જનતાએ માટીના ગરબાથી લઈને સોના–ચાંદીની ખરીદી સ્થાનિક વેપારીઓ પાસેથી કરવી

## સ્થાનિક ધંધા–રોજગારને પ્રોત્સાહન આપવું જરૂરી



બાબરા, તા. ૭

બાબરામાં નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના લોકલ ફોર વોકલના મંત્રને જીવંત કરવા શહેરની જનતાને આહવાન કરી જાહેર અનુરોધ કર્યો છે આગામી નવરાત્રી સહિત દિવાળીના મહત્વના તહેવારોમાં આપણે સૌ સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરવાનો આગ્રહ રાખી સ્થાનિક ધંધા રોજગારને પ્રોત્સાહિત કરીએ.

બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવિણ ભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ઓનલાઈન ખરીદી કરવાની લોકોમાં જે ઘેલસા જોવા મળી રહી છે તે લાંબા ગાળે આપણા સ્થાનિક ઉધોગને મોટી અસર કરશે પણ જો અત્યારે નહિ જાગીએ તો આગળ બહુ મોડું થઈ ગયું હશે અને આપના ધંધા રોજગારને આપણે ઉભા કર્યા છે તેને ફરી બેઠા નહીં કરી શકીએ માટે સ્થાનિક પર માટીના ગરબા કોડિયા કપડાં, હોજીયેરી, કટલેરી, સોના ચાંદી સહિતની દરેક ઘરેલું ચીજ વસ્તુઓ આપણા લોકો અને આપણી બઝારમાં ખરીદી કરવાનો આગ્રહ રાખીએ અને ઓનલાઈન ખરીદીને જાકારો આપીએ તેવો જાહેર અનુરોધ નગરપાલિકા પ્રમુખ દ્વારા શહેરની જનતાને કરવામાં આવેલ છે.

## જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી.નં. ૧૨૩/૨૦૨૩

અરજદાર : શ્રી કાનાણી હિમંતભાઈ હરજીભાઈ
રે.રોકડીયાપરા, કાનાણીની વાડી, ચકકરગઢ રોડ, અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
– ૧ –
ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલિકા

:: **જાહેર નોટિસ** ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી કાનાણી હિમંતભાઈ હરજીભાઈએ તેમના પિતરાઈ ભાઈ કનુભાઈ વલ્લભભાઈ કાનાણીનો જન્મ તા. ૨૫/૦૮/૧૯૬૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૫/૦૯/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૫ | ૧૫૦૧ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૩ | જુવાર પીળી | ૪૫૦ | ૪૫૦ |
| ૪ | મકાઈ | ૫૫૧ | ૫૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૩ | ૧૩૭૩ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૦ | ૧૩૭૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૬૦૬ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૫૨૫ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૩૩૯૨ |
| ૬ | બાજરો | ૩૩૩ | ૩૮૬ |
| ૭ | જુવાર | ૫૧૮ | ૧૧૦૧ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૯૨ | ૫૮૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૯ | ૫૬૫ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૧૧ | ચણા દેશી | ૧૧૨૨ | ૧૧૨૨ |
| ૧૨ | કપાસ | ૯૫૮ | ૧૫૭૦ |
| ૧૩ | એરંડા | ૭૫૦ | ૧૧૬૫ |
| ૧૪ | ધાણા | ૧૨૭૨ | ૧૨૭૨ |
| ૧૫ | અજમા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૪૪ | ૮૦૦ |
| ૧૭ | રજકાનું બી | ૪૬૫૦ | ૪૭૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૮૫ | ૧૬૧૫ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૫ | ૩૨૯૫ |
| ૩ | મગ | ૧૬૫૦ | ૧૭૫૦ |
| ૪ | અડદ | ૧૫૯૦ | ૧૬૫૦ |
| ૫ | ઘઉં | ૪૩૪ | ૪૯૬ |
| ૬ | ચણા | ૯૩૫ | ૧૦૬૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૩૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૪૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૫૦૦ |
| ૫ | કપાસ | ૧૨૫૧ | ૧૫૦૧ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૮ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૩૪૫ | ૪૧૪ |
| ૯ | જુવાર | ૫૯૦ | ૧૦૦૦ |
| ૧૦ | મકાઈ | ૫૭૦ | ૬૧૦ |
| ૧૧ | અડદ | ૧૩૦૦ | ૧૪૬૧ |
| ૧૨ | ચણા | ૯૫૧ | ૧૧૪૧ |
| ૧૩ | તુવેર | ૧૫૫૦ | ૧૮૦૦ |
| ૧૪ | વાલ | ૨૩૦૦ | – |
| ૧૫ | રાય | ૯૦૦ | – |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૮૪૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૦ | ૧૫૦૧ |
| ૨ | મગફળી | ૧૨૦૬ | ૧૨૦૬ |
| ૩ | ઘઉં | ૪૩૦ | ૫૦૦ |
| ૪ | ચણા | ૧૦૭૫ | ૧૦૮૬ |
| ૫ | અડદ | ૧૭૮૫ | ૧૭૮૫ |
| ૬ | સોયાબીન | ૬૦૬ | ૮૧૫ |
| ૭ | ધાણા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૮ | રાઈ | ૯૬૦ | ૯૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૩૦ |
| ૨ | ચણા | ૯૩૫ | ૧૧૫૦ |
| ૩ | અડદ | ૧૦૦૦ | ૧૫૬૬ |
| ૪ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | સોયાબીન | ૭૫૦ | ૮૪૯ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૯ |
| ૭ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૦૭૦ |
| ૮ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | ધાણા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૦ | મગફળી | ૧૦૫૫ | ૧૧૭૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૧૨૫ |
| ૨ | કપાસ | ૧૦૨૧ | ૧૫૧૧ |
| ૩ | બાજરો | ૩૬૫ | ૪૩૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૧૧ |
| ૫ | જુવાર | ૯૦૦ | ૧૦૮૧ |
| ૬ | મકાઈ | ૪૪૧ | ૪૪૧ |
| ૭ | તુવેર | ૧૫૦૧ | ૧૮૫૧ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | એરંડી | ૧૦૨૦ | ૧૦૨૦ |

# અમરેલી : ભાગવદ સેવા મંડળ દ્વારા ભાગવત પધરામણી બ્રહ્મભોજનનો કાર્યક્રમ શાસ્ત્રી દિલીપભાઈ ભટ્ટની નિશ્રામાં સંપન્ન થયો

અમરેલી,તા.૭

અમરેલીમાં ભાગવદ સેવા મંડળ છેલ્લા ૧૯ વર્ષથી સેવાકીય કાર્યો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મની દ્રઢતા માટેની પ્રવૃતિ કરે છે. ભાગવત પ્રકવકતા શાસ્ત્રી દિલીપભાઈ ભટ્ટની દેખરેખ હેઠળ સેવા સંગઠન અને એકતાનું સુંદર કાર્ય ચાલે છે. જેનાં ભાગરૂપે પિતૃ વંદના ઉત્સવ સાથે કર્મકાંઠી ભુદેવો અને સમાજમાં જે લોકો સેવા શ્રમ આપી રહયા છે. તેવા મહાનુભાવો માટે બ્રહ્મભોજન પ્રસાદ તથા ભારતીય સંસ્કૃતિ – સનાતન ધર્મની જયોતને દ્રઢ રાખવાનો એક દિવ્ય કાર્યક્રમ તા.૩૦/૯/૨૦૨૩ ને શનિવારના રોજ વાંજા જ્ઞાતિની વાડી ખાતે ઉત્સાહ સાથે સંપન્ન થયો.



ભગવદ સેવા મંડળ મુક સેવક ભાગવત વકતા કથાકાર દિલીપભાઈ ભટ્ટના આમંત્રણને માન આપીને બ્રહ્મસમાજ અમરેલી જિલ્લા પ્રમુખ મુકુંન્દભાઈ મહેતા – ભગીરીથભાઈ ત્રિવેદી અશ્વિનભાઈ ત્રિવેદી સેવાભાવી કાર્યકર અરવિંદભાઈ જાની મહેન્દ્રભાઈ જોષી (કવિ) ડો.રાવલ પ્રોફેસર પંકજભાઈ ત્રિવેદી દેવેન્દ્રભાઈ પંડયા સુરેશભાઈ મહેતા ઈન્હરવિલ કલબના બેબીલાબેન ત્રિવેદી પંકજ જોષી પટેલભાઈ આચાર્ય ડી.જી.મહેતા હસમુખ જોષી અમદાવાદ તથા હરેશ ત્રિવેદી સાવરકુંડલા ભાગવત સેવા મંડળનાં મનોરથ જીમીભાઈ અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ભાગવતજીની ધામધૂમથી પધરામણી આરતી પુજન થયા બાદ શાસ્ત્રી દિલીપભાઈ રામકૃપા 'દ્વારા'' દિવ્ય સતસંગનો લાભ સૌને પ્રાપ્ત થયો હતો.બાદમાં આવેલી મહેમાનોનું કેશરી ઉમરણા દ્વારા પ્રાસંગિક પ્રવચન થયું જેમાં આ કાર્યને વેગવંતુ કરવા તાલુકા જિલ્લામાં ક્રમબંધ રીતે સનાતન સંસ્કૃતિના પ્રચાર તથા મહા સેવાસંગને વેગ આવવા સૌના સહકારની તથા દ્રઢતાની વાત કરવામાં આવી અરવિંદભાઈ જાની દ્વારા ઉત્સાહ પુર્વકનું પ્રવચન થયું અને શ્રોતાજનોને નવો ઉર્જાસ્ત્રોત પ્રાપ્ત થયો કાર્યક્રમના અંતે સૌને ભારતીય શૈલીથી પંલ તમાં બેસાડી ભાવના લાડુના ભોજન કરાવામાં આવ્યા.અત્રેએ નોંધનીય છે કે આ કાર્યક્રમ જગતગુરૂ આચાર્યની આજ્ઞાથી માત્ર દોઢવર્ષનાં ટુંકાગાળ ામાં શાસ્ત્રી દિલીપભાઈએ ૨૭૩ મહાસતસંગ કરીને સનાતન હિન્દુ એકતા ભારતીય સંસ્કૃતિની સમરસતા માટે કાર્યને સફળ કરી રહયા છે. અમરેલીની સેન્ટ્રલ જેલમાં કેદીઓના વિચાર વ્યવહારને પરિવર્તનના બે કાર્યક્રમો જેથી દવેના માર્ગદર્શન વચ્ચે સંપન્ન કર્યા જે નોંધનીય બાબત છે.

ઉપરોકત વિગત નિવૃત આચાર્ય અરવિંદભાઈ જાનીની યાદીમાં જણાવાયું છે.

## જાફરાબાદમાં એડવોકેટરના દીકરી અને દીકરાના જન્મદિને શુભેચ્છા

જાફરાબાદ, તા.૭

જાફરાબાદ પંથકના જાણીતા એડવોકેટ અને સામાજિક કાર્યકર બાલકૃષ્ણ સોલંકી અને તેમના ધર્મ પત્ની કલાવંતીબેન સોલંકી બન્ને એડવોકેટ પતિ–પત્નીના દીકરી દેવાંક્ષીબેન સોલંકી તા.૦૮/૧૦ અને દીકરા રાજદીપ સોલંકી ૦૯/૧૦ ના ભાઈ– બહેનનાં જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાની વર્ષા થઈ રહી છે.



## ગાવડકામાં આજનાં સમયે પણ માટીની કારીગરીનું કામ થઈ રહ્યું છે



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા.૭

ગાવડકાનાં સરવૈયા શંભુભાઈ શ્યામજીભાઈ ગરબા બનાવી રહ્યા છે તથા સિજન પ્રમાણે વસ્તુઓ બનાવી રહ્યા છે.

આ કામ કરનાર અત્યારે ભાગ્યેજ કોઈક કરતું જોવા મળે છે. તેઓ પોતાના વારસાનો ધંધો પૂરી નિષ્ઠાથી ગવડકા ગામ મુકામે કરી રહ્યા છે.

# અમરેલી : બ્રાહ્મણ સોશ્યલ ગૃપ બોરીવલી (મુંબઈ)ના પદાધિકારીઓનું સન્માન



અમરેલી, તા.૭

અમરેલી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રતિનિધી તરીકે સમગ્ર ગુજરાતના તમામ મોટા પસંદગી મેળામા સૌથી વધારે સંખ્યામા બ્રહ્મ યુવકો, યુવતીઓના ફોર્મ રજુ કરી ગ્રિનીચ રેકોર્ડ કરનાર હસુદાદા જોષીને બોરીવલી મુંબઈના ( મહારાષ્ટ્ર ) બ્રહ્મ સમાજ દ્વારા યોજાતા પસંદગી મેળામા કારોબારી સદસ્ય તરીકે વરણી થતા જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા.

હસુદાદાના આમંત્રણને માન આપી બ્રાહ્મણ સોશ્યલ ગૃપ બોરીવલી મુંબઈના પદાધિકારીઓ સર્વ ચંદ્રકાંતભાઈ વ્યાસ (પ્રમુખ), જયેન્દ્રભાઈ મહેતા (એડવાઈઝર), નંદકિશોર વ્યાસ(એડવાઈઝર), હરીશભાઈ ભટ્ટ (ઉપપ્રમુખ), દિનેશભાઈ જોષી (સેક્રેટરી) અમરેલી મહેમાન તરીકે શોભાઈમાન થતા જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણીઓ સર્વ અશ્વિનભાઈ ત્રિવેદી,પરેશભાઈ આચાર્ય, તનસુખભાઈ ઠાકર,(પૂર્વ પ્રમુખઓ) મુકુંદભાઈ મહેતા (પ્રમુખ) સિદ્ધાર્થભાઈ ઠાકર (ઉપપ્રમુખ) ભગીરથભાઈ ત્રિવેદી (મહામંત્રી) પંકજભાઈ ત્રિવેદી (ટ્રસ્ટી પરશુરામ મંડળી) પરેશભાઈ મહેતા (નિવૃત ઓફીસ સુપ્રીટેન્ડેન્ટ શહેરી વિકાસ ) આનંદભાઈ ભટ્ટ (પૂર્વ પ્રમુખ જિલ્લા શિક્ષક સહકારી મંડળી) વગેરે મહાનુભાવોએ ખાસ ઉપસ્થિત રહી શાલ,પૂષ્પગુચ્છથી તમામ મહેમાનોનુ સન્માન કર્યુ.

હસુભાઈ જોષી તરફથી ગરમ ગાંઠીયા, પેંડા, આઈસ્ક્રીમ અને ચાની મોજ માણી. સમગ્ર કાર્યક્રમનુ આગવી શૈલીમા સંચાલન તથા સન્માન લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ તેમજ આભારદર્શન હસુભાઈ જોષીએ કરેલ.

### પ્રાંત અધિકારીનાં અધ્યક્ષ સ્થાને

# સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે તમામ સરકારી વિભાગોની બેઠક યોજાઈ

### વિવિધ પ્રશ્નોનાં નિરાકણ અર્થે ચર્ચા થઈ

સાવરકુંડલા. તા.૭

સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી ધારાબેન ભાલારાના અધ્યક્ષ સ્થાને સરકારના તમામ વિભાગોની સંકલન બેઠક યોજાય હતી જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના અનુસાર અને શહેર ભાજપના માર્ગદર્શન તળે સાવરકુંડલાની સુખાકારી માટે સંકલન સમિતિના સભ્ય નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા દ્વારા સંકલન બેઠકમાં નીચે મુજબના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી દ્વારા બે પ્રશ્નો રજૂ થયા. સાવરકુંડલા શહેરને મળતું મહી નદીનું પાણી જે મોડી રાત્રે આવે છે તેને દિવસે આપવું અને ડહોળુ આવે છે તેનું નિરાકરણ કરવું.



નગરપાલિકામાં આધાર કાર્ડ કીટ આપવા માટે માંગણી કરી હતી જયારે શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા દ્વારા વર્ષો જૂની ખખડધજ પોસ્ટ ઓફીસનું નવીનીકરણ,સિનિયર સિટીઝન ચડીને એસબીઆઈ બેન્ક દરબારગઢ શાખામાં પડતી મુશ્કેલીઓ,

સીટી સર્વે ઓફીસનું નવું બિલ્ડીંગ બનાવી અને કાયમી ધોરણે સર્વેયર મુકવા,સાવરકુંડલાથી યાત્રાધામો માટે કાગવડ – વીરપુર, ગોંડલ બસની માંગણી, તથા આધારકાર્ડમાં ફિંગરપ્રિન્ટ નથી આવતી તે બાબતે ઘટતું કરવા જેવા જરૂરી મુદ્દાઓ સંકલનમાં લેવા પ્રાંત અધિકારીને માંગણી કરી હતી.

### જ્ઞાન સહાયક ભરતી રદ કરવા ઉગ્ર રજૂઆત

# સરકારી શાળામાં શિક્ષકોની કાયમી ભરતી મુદ્દે રેલી

### કરાર આધારિત ભરતીને લઈ TET-TAT પાસ ઉમેદવારોમાં ઉગ્ર વિરોધ, આંદોલનની ચીમકી આપી

સાબરકાંઠા, તા.૭

ગુજરાત સરકાર દ્વારા આગામી દિવસોમાં જ્ઞાન સહાયકોની ભરતી કરવા માટેનો નિર્ણય લેવાયો છે, જેને લઈને સરકાર દ્વારા મેરીટ લીસ્ટ પણ બહાર પાડવામાં આવ્યું છે.

જોકે, રાજ્યભરમાં જ્ઞાન સહાયકોની ભરતીને લઈને TET-TAT પાસ ઉમેદવારોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે.

ઉમેદવારો કોન્ટ્રાક્ટ સિસ્ટમ અમલમાં ન લાવીને કાયમી ધોરણે શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. ત્યારે આજે સાબરકાંઠાના ઈડરમાં પણ ઉમેદવારોએ વિરોધ નોંધઆવ્યો હતો. આજે સાબરકાંઠાના ઈડરમાં TET-TAT પાસ ઉમેદવારોએ જ્ઞાન સહાયક ભરતીને લઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. સરકારી શાળામાં શિક્ષકોની કાયમી ભરતી મુદ્દે TET અને TAT પાસ ઉમેદવારોએ આજે રેલવે ફાટકથી પ્રાંત કચેરી સુધી રેલી યોજી હતી. આ દરમિયાન ઉમેદવારોએ 'જ્ઞાન સહાયક નામે શિક્ષણનું ખાનગીકરણ બંધ કરો..બંધ કરો', 'આધી રોટી ખાયેંગે શિક્ષણ કો બચાયેંગે' જેવા વિવિધ લખાણોવાળા પોસ્ટરો સાથે રેલી યોજી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

પ્રાંત અધિકારીને આપ્યું આવેદનપત્ર

TET અને TAT પાસ ઉમેદવારો ઈડરના રેલવે ફાટકથી રેલી યોજીને પ્રાંત કચેરી ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓએ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપીને જ્ઞાન સહાયક ભરતી રદ કરવા ઉગ્ર રજૂઆત કરી હતી.તેઓએ પ્રાંત અધિકારીને આવેદન આપીને તેમની માંગણી સરકાર સુધી પહોંચાડવાની અપીલ કરી હતી. ઉગ્ર આંદોલનની ઉચ્ચારી ચીમકી આ સાથે જ જો સરકાર દ્વારા જ્ઞાન સહાયકની ભરતી રદ કરવામાં નહીં આવે તો આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી પણ ચીમકી TET અને TAT પાસ ઉમેદવારો દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

### સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજનાં અગ્રણીઓ દ્વારા

# સાવરકુંડલા ખાતે નવનિયુકત પત્રકાર પ્રતાપભાઈ ખુમાણનું સન્માન કરાયું

### જનસમસ્યાને વાચા આપવામાં સફળતાની શુભેચ્છા પાઠવાઈ

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલાની કોઈપણ કોમ, જ્ઞાતિ, ધર્મના અતિ સાધારણ પરિવારો માટે, કોઈ સ્વાર્થ વગર, અર્ધી રાત્રે પણ કોઈની શેહ શરમ રાખ્યા વગર દોડતા, પ્રતાપભાઈ ખુમાણ (બાપુ સર)ને અમરેલીથી પ્રસિદ્ધ થતું. ''અમરેલી એકસપ્રેસ'' અમદાવાદથી પ્રસિદ્ધ થતું અખબાર, ''લોક પત્રિકા'' દ્વારા અમરેલી જિલ્લા પ્રતિનિધી તરીકે નિમણુંક અપાતાં, સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજનાં અગ્રણીઓ, ઈરફાન કુરેશી, સુન્ની મુસ્લિમ જમાત પ્રમુખ (એકસ), અલીભાઈ જાખરા સંધી જમાત પ્રમુખ (એકસ), ઉસ્માનભાઈ પઠાણ નાગરિક બેન્કનાં ડિરેકટર, ઉસ્માનભાઈ મિલન ટ્રાન્સપોર્ટ, ઈકબાલ ગોરી સાવરકુંડલા પ્રમુખ પ્રેસ કલબ, દિલીપ જીરૂકા (વી.ટી.વી.ન્યુઝ ચેનલ બ્યુરો અમરેલી) સોહિલ શેખ અબ તક ન્યુઝ પેપર પત્રકાર, રાજેશભાઈ ચૌહાણ, કાઉન્સિલર નગરપાલિકા સાવરકુંડલા, યુસુફભાઈ કુરેશી, આસી.સબ. ઈન્સ્પેકટરએ શાલ ઓઢાડી, ફુલો અને સુગંધિત અતરથી ખુબ ખુબ મુબારકબાદી પાઠવી હતી.



### ચેન્નાઈમાં આજે ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડકપની મેચ

# વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા ભારત સામે ૧૨માંથી આઠ મેચ જીત્યું છે

### બંને ટીમો વચ્ચે છેલ્લી વર્લ્ડ કપ મેચ ૨૦૧૯માં ઓવલમાં રમાઈ હતી, ભારતે આ મેચ ૩૬ રને જીતી લીધી હતી

ચેન્નાઈ, તા.૭

વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ની પાંચમી મેચ આવતીકાલે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચેન્નાઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. ઓસ્ટ્રેલિયા ૫ વખત જયારે ભારત બે વખત વર્લ્ડ ચેમ્પિયન બની છે.

વર્લ્ડ કપના રેકોર્ડની વાત કરીએ તો ભારત સામે ઓસ્ટ્રેલિયાનું પલડું ભારે છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં કુલ ૧૨ મેચ રમાઈ છે. જેમાંથી ભારત માત્ર ૪ મેચ જીતવામાં સફળ રહ્યું છે. બીજી તરફ ઓસ્ટ્રેલિયાની ટીમ ૮ મેચ જીતવામાં સફળ રહી છે. બંને ટીમો વચ્ચે છેલ્લી વર્લ્ડ કપ મેચ ૨૦૧૯માં ઓવલમાં રમાઈ હતી.

ભારતે આ મેચ ૩૬ રને જીતી લીધી હતી. શિખર ધવનના ૧૧૭ રન, વિરાટ કોહલીના ૮૨ રન અને રોહિત શર્માના ૫૭ રનની મદદથી ભારતે પ્રથમ ઈનિંગમાં ૩૫૨ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ માત્ર ૩૧૬ રન જ બનાવી શકી હતી. આવતીકાલે ભારતની વનડે વર્લ્ડ કપની પાંચ વખતની ચેમ્પિયન ટીમ સામે કસોટી થશે.

હાલમાં વર્લ્ડ કપની ૧૩મી સિઝન રમાઈ રહી છે, પરંતુ છેલ્લી ૧૨ સીઝનમાં ભારતના માત્ર બે બેટ્સમેન ઓસ્ટ્રેલિયાની ટીમ સામે સદી ફટકારવામાં સફળ થયા છે. વનડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા સામે ભારત માટે પ્રથમ સદી ભારતીય ટીમના પૂર્વ બેટ્સમેન અજય જાડેજાએ વર્ષ ૧૯૯૯માં ફટકારી હતી. ૧૦ વર્ષ પછી એટલે કે વર્ષ ૨૦૧૯માં શિખર ધવને આ કારનામું કર્યું હતું. વર્ષ ૨૦૧૯માં ઈંગ્લેન્ડમાં વર્લ્ડ કપ રમાયો હતો અને ધવને ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારી હતી.

ભારત તરફથી વનડે વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ સચિન તેંડુલકર અને રોહિત શર્માના નામે છે. બંને બેટ્સમેનોએ વર્લ્ડ કપમાં ૬-૬ સદી ફટકારી છે. પરંતુ આ બંને બેટ્સમેનોને ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારવામાં સફળતા મળી નથી.

આ ઉપરાંત ભારતીય ટીમના સત્ર બેટ્સમેન વિરાટ કોહલી પણ ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારવામાં સફળ થયો નથી. વિરાટનો આ ચોથો વર્લ્ડ કપ હશે પરંતુ હજુ સુધી તેને ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારવામાં સફળતા મળી નથી. હવે આવતીકાલની મેચમાં રોહિત પાસે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડવાની તક રહેશે.

### ભારતનું રાજકારણ હવે તળીયે પહોંચી ગયું

# ભાજપ-કોંગ્રેસનું પોસ્ટર વોર, રાહુલને રાવણ, નરેન્દ્ર મોદીને અદાણીની કઠપૂતળી દર્શાવાયા

### ભાજપ પોતાની સત્તાને ટકાવી રાખવા માટે મથે છે અને બીજો પક્ષ કોંગ્રેસ તેને પછાડી ફરી સત્તારૂઢ થવા મથે છે

નવી દિલ્હી, તા.૭

ભારતનું રાજકારણ હવે તળીયે પહોંચી ગયું છે. કલણમાં ખૂંચતું જાય છે. ૨૪ની ચૂંટણી ભાજપ કોંગ્રેસ માટે જીવ સટોસટની બની રહી છે. એક સત્તા ટકાવવા મથે છે. બીજો પક્ષ તેને પછાડી ફરી સત્તારૂઢ થવા મથે છે. ચૂંટણી યુદ્ધ સમાન બની રહી છે. એવરીથિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વૉરની જેમ તમામ નીતિ નિયમો કોરાણે મુકાઈ ગયા છે.બંને પક્ષો વચ્ચે પોસ્ટર વૉર શરૂ થઈ ગઈ છે. ભાજપે સોશ્યલ મીડીયાઉપર રાહુલ ગાંધીનું એક પોસ્ટર પોસ્ટ કરવામાં આવ્યું છે. તેમાં તેઓને રાવણ જેવા દસ મસ્તક વાળા દર્શાવવામાં આવ્યા છે. તેના જવાબમાં કોંગ્રેસનાં એક પોસ્ટરમાં વડા પ્રધાન મોદીને અદાણીની એક કઠપૂતળી સમાન દર્શાવવામાં આવ્યા છે.

'બંને પક્ષો વચ્ચે વાસ્તવમાં તો બુધવારથી જ તનાતની શરૂ થઈ ગઈ છે. ત્યારે સૌથી પહેલાં કોંગ્રેસે સોશ્યલ મીડીયા એક્સ (મૂળનામ ટ્વિટર) ઉપર એક પોસ્ટર શેર કરી પી.એમ. મોદીને અદાણીની કઠપુતળી દર્શાવવા સાથે તેમણે દુનિયાના સૌથી મોટા જૂઠા બોલા તરીકે નીચે લખવામાં આવ્યું હતું. એક અન્ય પોસ્ટરમાં મોદીનો જુમલા વોર (હવાઈ કીલ્લાઓ દર્શાવનાર) તરીકે દેખાડાયા હતા.આથી ભાજપે તે સામે એક અન્ય પોસ્ટર ટ્વિટ કર્યું જેમાં રાહુલ ગાંધીને નવા યુગના રાવણ તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ પોસ્ટરનાં કેપ્શનમાં લખ્યું છે કે નવા યુગનો રાવણ અહીં છે. ધર્મ વિરોધી તેનો ઉદ્દેશ્ય ભારતને નષ્ટ કરવાનો છે.આ અંગે વિશ્લેષકો કહે છે કે જવાહરલાલ નહેરૂથી શરૂ કરી છેક ઈંદીરા ગાંધી એ મનમોહન સિંહના સમય સુધી પણ રાજકારણમાં સામ સામા પ્રહારો તો પક્ષો કરતા જ હતા. છતાં ગૌરવ જાળવવામાં આવતું હતું. ત્યારે કદીએ વ્યક્તિગત આક્ષેપો થતા નહીં. સોનિયા ગાંધી પણ કદી મર્યાદા ચૂકી બોલ્યાં નથી. અટલ બિહારી વાજપેયીથી શરૂ કરી નરેન્દ્ર મોદી સુધી સૌએ ગૌરવ જાળવ્યું છે. આ પોસ્ટર વોર્સનો વચગાળાના મધ્યમાન અને મોટા થઈ પડેલા કહેવાતા પક્ષ નેતાઓનાં જ ભેજાંની નિપજ છે. સબકો સન્મતિ દે ભગવાન્ તે બાપુનું સૂત્ર સ્મરીએ.આ તબક્કે ફીરોઝ ગાંધી યાદ આવે છે. તેઓ એક ગામમાં સભાને સંબોધન કરવા જતા હતા ત્યારે તેમના પ્રતિસ્પર્ધી તે ગામથી દૂરનાં ગામે સભા સંબોધવા જતા હતા. તેમની મોટર બગડી ગઈ. ફીરોઝ ગાંધીએ તેમને પોતાની મોટરમાં લીધા અને પોતાનાં સભા સ્થળથી દૂર આવેલાં ગામે તેમને ઉતારી પાછા ફરી પોતાનાં સભા સ્થળે ગયા. ફીરોઝ ગાંધીની મોટર પસાર થતી હતી ત્યારે તેઓ બોલ્યા હતા 'રામ પદયાત્રી, દશાનન રથારૂટ હોના' ફીરોઝ ગાંધીએ મોટર ઉભી રાખી તેમને મોટરમાં બેસાડી દીધા. આ ભાવના નષ્ટ થઈ ગઈ હોય તેમ લાગે છે.

# ચલાલા : પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે પાટોત્સવની ઉજવણી

ચલાલા, તા.૭

ચલાલા યુગા નિર્માણ ગાયત્રી પરિવાર દ્વારા વેદમાતા ગાયત્રી, સરસ્વતી માતા, લક્ષ્મીમાતા, સિદ્ધિ વિનાયક ગણપતિ મહારાજ તથા સોમનાથ મહાદેવના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો પાટોત્સવ નિમિતે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ અને મહાપ્રસાદ સાથે ''પાટોત્સવ''ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં પૂ.રતિદાદાએ શાસ્ત્રોવીધીથી વાતાવરણ દીવ્યમય બનાવી કાર્ય સંપન્ન કરાવ્યું હતું. તેમજ યજમાનો તથા હરિબા મહિલા કોલેજ તથા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થી તથા સમગ્ર સ્ટાફગણે યજ્ઞમાં સામુહિક આહુતિઓ આપી. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.



## કરોડો રૂપિયાનાં ખર્ચે પાર્લામેન્ટનું મકાન બન્યુ અને કાર્યરત થઈ ગયું, બસ સ્ટેન્ડ કાર્યરત થતું નથી

# ભાઈ સા'બ : અમરેલીનાં નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેન્ડને કાર્યરત કરો

**છેલ્લા પાંચ-છ વર્ષથી સુવિધા વગરનાં હંગામી બસ સ્ટેન્ડથી ગાડુ ચલાવાતું હોય મુસાફરો પરેશાન**

**૨ વર્ષ પહેલા બસ સ્ટેન્ડ કાર્યરત કરવાનું હોય હજુ ક્યારે શરૂ થશે તેની કોઈને ખબર નથી**

**એસ.ટી.નાં અધિકારીઓ, બાંધકામ એજન્સી કે જનપ્રતિનિધિઓને કાંઈ પડી નથી ને મુસાફરો કંટાળી ગયા**

**નવરાત્રિ અને દિવાળીનાં તહેવારો પહેલા નવનિર્મિત બસ સ્ટેન્ડ શરૂ થાય તે સમયની માંગ**









અમરેલી, તા. ૭

અમરેલીમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે એસ.ટી. બસ સ્ટેન્ડનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું હોય કોઈ અકળ કારણોસર તેને કાર્યરત કરવામાં આવતું ન હોય મુસાફરવર્ગમાં એસ.ટી. વિભાગની બેદરકારી સામે નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમરેલીનાં રેલ્વે સ્ટેશન માર્ગ પર આવેલ એસ.ટી. બસ સ્ટેન્ડને જમીનદોસ્ત કરીને તેજ સ્થળે કરોડો રૂપિયાનાં ખર્ચે આધુનિક બસ સ્ટેન્ડ નિર્માણ કરવાનું કાર્ય સાતેક વર્ષ પહેલા શરૂ થયા બાદ બાજુની જમીન ઉપર સુવિધા વગરનું હંગામી બસ સ્ટેન્ડ બનાવયાં અને જયાં ગંદકી, સુરક્ષા, વીજળી, પાણી સહિતની સમસ્યા વચ્ચે મુસાફરો નવા બસ સ્ટેન્ડની આશામાં દિવસો પસાર કરતાં હોય પરંતુ કરોડો રૂપિયાનાં ખર્ચે પાર્લામેન્ટનું મકાન બનીને ટૂંક સમયમાં કાર્યરત થઈ ગયું પરંતુ અમરેલીનું બસ સ્ટેન્ડ સાત વર્ષથી કાર્યરત થતું ન હોય. નવરાત્રિ અને દિવાળીનાં તહેવારો પહેલા બસ સ્ટેન્ડ કાર્યરત કરવામાં આવે તેવી માંગ મુસાફરવર્ગમાંથી ઉભી થઈ રહી છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, એસ.ટી.નાં અધિકારીઓ, બાંધકામ એજન્સી કે ધારાસભ્ય કે સાંસદને પણ બસ સ્ટેન્ડ ઝડપથી શરૂ થાય તેવી કોઈ ઈચ્છા ન હોય તેવું લાગી રહ્યું છે.

---

### કુંકાવાવ નજીક આવેલ

## અનીડા ગામે દુર્ગંધયુક્ત પીવાનું પાણી વિતરણ થતાં રોગચાળાનો ખતરો

**જવાબદાર વિભાગ યોગ્ય કરે તેવી માંગ**



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૭

કુંકાવાવ તાલુકાનાં અનીડા ગામે છેલ્લા ઘણા સમયથી ગામમાં પીવાના પાણીની સમસ્યા થઈ છે. જેનું કારણ છે કે પાણી ડહોળુ આવે છે જેના કારણે લોકોને આ પાણી પીવું કે વાપરવું વિચાર કરવો પડે છે અને ગામમાં પંચાયત દ્વારા થતાં પાણી વિતરણ આ પાણી ડહોળુ આવે છે. આ પાણી નર્મદાની લાઈનમાંથી કે

અનુસંધાન પાના ૬ ઉપર

---

### કોંગ્રેસની ઈમારત હવે ધરાશયી થવાની સ્થિતિમાં

## લ્યો બોલો : બગસરા તાલુકા પંચાયતનાં કોંગી સદસ્યએ કેસરીયો ધારણ કર્યો

**છેલ્લા ૨૦ વર્ષથી ગાબડા જ પડી રહ્યાં છે**

બગસરા, તા. ૭

બગસરા તાલુકા પંચાયતના ચૂંટાયેલા કોંગ્રેસના સદ્સ્ય દામજીભાઈ પાંચાભાઈ દાફડા ભારતીય જનતા પાર્ટીનો ખેસ તેમજ ટોપી પેરાવી વિધિવત ભાજપ માં જોડાયા હતા

જેમાં બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ અમરેલી જિલ્લા પંચાયતના 'પ્રતિનિધિ સદસ્ય ધીરૂભાઈ માયાણી તેમજ બગસરા તાલુકા પંચાયત પ્રતિનિધિ પ્રમુખ બાબુભાઈ બાકરાણીયા તેમજ ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરીયા તેમજ બગસરા તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ રમેશભાઈ સતાસીયા તેમજ બગસરા તાલુકા પંચાયત સદસ્ય અશ્વિનભાઈ



કોરાટ વિપુલભાઈ ભેસાણિયા, કાંતિભાઈ વેકરીયા, હશમુખભાઈ ખોખર તેમજ જૂની હળીયાદ સરપંચ રમેશભાઈ વસ્તાણી તેમજ માવજીંજવા સરપંચ રાજુભાઈ કાકડિયા તેમજ મનશુખભાઈ સાંગાણી હાજર રહિયા હતા.

---

### રાજુલા નજીક આવેલ ચાંચ ગામે

## દાદરો ઉતારવા જતાં અકસ્માતે પડી જતાં મહિલાનું સારવાર દરમિયાન મોત

**માથામાં ગંભીર ઈજા થતાં મૃત્યુ નિપજયાનું જાહેર થયું**

અમરેલી, તા. ૭, રાજુલા તાલુકાનાં ચાંચ બંદર રહેતા નર્મદાબેન ભીમજીભાઈ શિયાળ નામનાં ૪૫ વર્ષિય મહિલા ગત તા. ૬નાં રોજ પોતાના ઘરે દાદરો ઉતરતા અકસ્માતે પડી જતાં માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવારમાં લઈ જતાં તેમનું મોત થયાનું મરીન પીપાવાવ પોલીસમાં જાહેર થવા પામેલ છે.






---

### પાલિકાનાં પ્રમુખ સહિતનાં સદસ્યોનો નિર્ણય

## બગસરાનાં મહિલા નગરસેવકનાં પ્રતિનિધિ સામાન્ય સભામાં બેસી શકશે

**નગરસેવિકાની સાથે માર્ગદર્શન માટે તેમના પ્રતિનિધિ બેસી શકશે**

અમરેલી, તા. ૭

બગસરા પાલિકાનાં શાસકોએ મહિલા નગરસેવિકાનાં ભાઈ, પતિ કે પિતા સામાન્ય સભામાં નગરસેવિકાની મદદ કરવા અને સહકાર આપવા નગર સેવિકાની પાછળની બાજુ બેસી શકે તેવો ઠરાવ પસાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

એક તરફ દેશભરની વિધાનસભા અને લોકસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો કાયદો પસાર થયો છે, મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે મોટાગજાનાં નેતાઓ પણ પ્રયત્નશીલ છે તેવા સમયે મહિલા નગરસેવિકાની સલાહ માટે તેમનાં કોઈ કુટુંબી પુરૂષની નિમણુંક થાય તો મહિલા સશકિતકરણનો કોઈ મત્તલબ જ નથી. મહિલા સશકિતકરણ કરવું હોય તો મહિલાને પોતાના જ વિચારો કે અભિપ્રાય આપવાનો આગ્રહ રાખવો જોઈએ. બગસરા પાલિકાનાં શાસકોનાં નિર્ણયે ચકચાર જગાવી છે.











## સ્ટાફ જોઇએ છે

| જગ્યા | લાયકાત | પગારધોરણ |
|---|---|---|
| મ. શિક્ષક | B.Ed.+ જ્ઞાન સહાયક પાસ | 15000 થી 24000 |
| કલાર્ક | ગ્રેજ્યુએટ + કમ્પ્યુટર કોર્ષ | 12000 થી 16000 |
| કમ્પ્યુટર ઓપરેટર | ગ્રેજ્યુએટ + કમ્પ્યુટર નોલેજ | 10000 થી 15000 |
| રીસેપ્શનીસ્ટ | ગ્રેજ્યુએટ / B.B.A. / M.B.A. | 10000 થી 15000 |
| સ્પોર્ટ્સ ટીચર | B.P.Ed. M.P.Ed. D.P.Ed. | 15000 થી 22000 |
| મ્યુઝીક ટીચર | માન્ય લાયકાત | 12000 થી 18000 |
| લાયબ્રેરીયન | B.LIB. | 12000 થી 17000 |
| પ્યુન | ૮ પાસ | 300 થી 350 પ્રતિ દિવસ |
| સફાઈ કામદાર | - | 300 થી 340 પ્રતિ દિવસ |
| સીક્યુરીટી | ૮ પાસ | 10000 થી 14000 |
| ગાર્ડનર | - | 300 થી 360 પ્રતિ દિવસ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારે રૂબરૂ અથવા ઈ-મેઈલ અથવા વોટ્સ એપ મારફત સંપૂર્ણ શૈક્ષણિક અનુભવ વગેરે વિગતો સાથે બાયોડેટા જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ-૧૦ માં સબમીટ કરાવવા.

ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત
અમરેલી જિલ્લા વિદ્યાસભા - સ્કૂલ, હોસ્ટેલ
લાઠી રોડ, અમરેલી મો. ૯૪૨૬૨ ૩૫૩૩૫
E-mail.: Vidyasabhaofficial@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)